RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 103 Date: 04.02.2024 Sunday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને ભારત રત્ન આપવામાં આવશે



નવીદિલ્હી,તા.૩

ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીને ભારત રત્ન આપવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ માહિતી આપી હતી. અડવાણી પૂર્વ ગૃહમંત્રી અને ભાજપના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. તાજેતરમાં સરકારે બિહારના પૂર્વ મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુરને મરણોત્તર ભારત રત્ન આપવાની પણ જાહેરાત કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ભાજપના વરિષ્ઠ નેતા લાલ કૃષ્ણ અડવાણીને ભારત રત્ન એનાયત કરવાની માહિતી આપતા ટ્વિટ શેર કર્યું છે.વડાપ્રધાને લખ્યું, ‘મને એ જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે શ્રી લાલ કૃષ્ણ અડવાણીજીને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા છે.‘. મેં તેમની સાથે પણ વાત કરી અને તેમને આ સન્માનથી સન્માનિત કરવા બદલ અભિનંદન પાઠવ્યા.

આપણા સમયના સૌથી પ્રતિષ્ઠિત રાજકારણીઓમાંના એક, ભારતના વિકાસમાં તેમનું યોગદાન અવિસ્મરણીય છે. તેમના જીવનની શરૂઆત પાયાના સ્તરે કામ કરવાથી લઈને આપણા નાયબ વડાપ્રધાન તરીકે દેશની સેવા કરવા સુધીની છે. તેમણે આપણા ગૃહમંત્રી અને માહિતી અને પ્રસારણ મંત્રી તરીકે પણ પોતાની ઓળખ બનાવી. તેમના સંસદીય હસ્તક્ષેપ હંમેશા અનુકરણીય અને સમૃદ્ધ આંતરદષ્ટિથી ભરેલા રહ્યા છે.

લાલ કૃષ્ણ અડવાણીએ અટલ બિહારી વાજપેયી સરકારમાં નાયબ વડાપ્રધાન તરીકે સેવા આપી છે, ઉપરાંત અનેક મંત્રાલયોનું નેતૃત્વ કર્યું છે. તેઓ ૧૯૭૦ થી ૨૦૧૯ ની વચ્ચે સંસદના બંને ગૃહોના સભ્ય રહ્યા છે અને ત્રણ વખત પાર્ટીના અધ્યક્ષ રહ્યા છે.અડવાણી દેશના સાતમા નાયબ વડાપ્રધાન રહી ચુક્યા છે. લાલકૃષ્ણ અડવાણી ભારત રત્ન સમ્માન મેળવનાર ૫૦માં વ્યક્તિ છે.

લાલકૃષ્ણ અડવાણીનો જન્મ પાકિસ્તાનના કરાચીમાં ૮ નવેમ્બર, ૧૯૨૭માં એક હિન્દૂ સિંધી પરિવારમાં થયો હતો, તેમના પિતાનું નામ કિશનચંદ અડવાણી અને માતાનું નામ જ્ઞાની દેવી છે.શરૂઆતનું શિક્ષણ તેમણે કરાચીની સેન્ટ પેટ્રિક હાઈસ્કૂલમાં લીધુ હતુ અને તે બાદ તે હૈદરાબાદ, સિંધની ડીજી નેશનલ સ્કૂલમાં એડમિશન લીધુ હતું.

વિભાજન બાદ તેમનો પરિવાર પાકિસ્તાન છોડીને મુંબઈ આવી ગયો હતો. અહીં તેમણે લૉ કોલેજ ઓફ ધ બોમ્બે યૂનિવર્સિટીમાંથી કાયદાનો અભ્યાસ કર્યો હતો, તેમના પત્નીનું નામ કમલા અડવાણી છે, તેમના પુત્રનું નામ જયંત અડવાણી અને દીકરીનું નામ પ્રતિભા અડવાણી છે.

લાલકૃષ્ણ અડવાણી ૨૦૦૨થી ૨૦૦૪ વચ્ચે અટલ બિહારી વાજપેયી સરકારમાં ભારતના સાતમા નાયબ વડાપ્રધાનનું પદ સંભાળી ચુક્યા છે. આ પહેલા તે ૧૯૯૮થી ૨૦૦૪ વચ્ચે ભાજપના નેતૃત્વ ધરાવતા નેશનલ ડેમોક્રેટિક અલાયન્સમાં ગૃહમંત્રી રહી ચુક્યા છે. તે તે લોકોમાં સામેલ છે જેમણે ભારતીય જનતા પાર્ટીનો પાયો રાખ્યો હતો. ૧૦માં અને ૧૪મી લોકસભા ચૂંટણી દરમિયાન તેમણે વિપક્ષી નેતાની ભૂમિકા ભજવી હતી. અડવાણીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા પોતાની રાજકીય કરિયરની શરૂઆત કરી હતી. ૨૦૧૫માં તેમણે ભારતના બીજા સૌથી મોટા નાગરિક સમ્માન પદ્મ વિભૂષણથી સમ્માનિત કરવામાં આવ્યા હતા.

અડવાણી અડધો ડઝન કરતા વધુ રથ યાત્રા કાઢી ચુક્યા છે જેમાં ‘રામ રથયાત્રા‘, ‘જનાદેશ યાત્રા‘, સ્વર્ણ જયંતી રથયાત્રા‘, ‘ભારત ઉદય યાત્રા‘ અને ‘ભારત સુરક્ષા યાત્રા‘, ‘જનચેતના યાત્રા‘ મુખ્ય છે.

બિહારના પૂર્વ મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુરને મરણોપરાંત ભારત રત્ન આપવામાં આવશે. મંગળવારે મોડી સાંજે મોદી સરકારે આ જાહેરાત કરી હતી. કર્પૂરી ઠાકુર પછાત વર્ગોના હિતોની વાત કરવા માટે જાણીતા હતા. કર્પૂરી ઠાકુરની જન્મ શતાબ્દી ઉજવણી ૨૪ જાન્યુઆરીએ પટનામાં ધામધુમથી ઉજવવામાં આવશે. જનતા દળ (યુનાઈટેડ)એ આ અંગે સમગ્ર બિહારમાં અભિયાન શરૂ કર્યું છે.

કર્પૂરી ઠાકુર બે વાર બિહારના મુખ્યમંત્રી અને એક વાર ડેપ્યુટી સીએમ રહી ચૂક્યા છે. તેઓ બિહારના પ્રથમ બિનકોંગ્રેસી મુખ્યમંત્રી હતા. તેઓ સૌ પ્રથમ ૧૯૫૨માં વિધાનસભાની ચૂંટણી જીત્યા હતા. ૧૯૬૭માં કર્પૂરી ઠાકુરે જ્યારે ડેપ્યુટી સીએમ બન્યા ત્યારે બિહારમાં ફરજિયાત અંગ્રેજી નાબૂદ કર્યું હતું.

સામાજિક વ્યવસ્થા પરિવર્તનમાં કર્પૂરી ઠાકુરના આદર્શ જેપી, લોહિયા અને આચાર્ય નરેન્દ્ર દેવ હતા. ૧૯૭૦માં જ્યારે તેઓ સરકારમાં મંત્રી બન્યા ત્યારે તેમણે આઠમા ધોરણ સુધી શિક્ષણને મફત બનાવ્યું હતું. ઉર્દૂને બીજી સત્તાવાર ભાષાનો દરજ્જો આપવામાં આવ્યો. પાંચ એકર સુધીની જમીન પરની મિલકત નાબૂદ કરવામાં આવી હતી.મોદી સરકાર દ્વારા જે સાત વ્યક્તિઓને ભારત રત્ન આપવામાં આવ્યો છે

## સબકા સાથ, સબકા વિકાસ, પરંતુ મોદીએ બધાને બરબાદ કરી દીધા છે,કોંગ્રેસ પ્રમુખ



### જો અમે નિષ્ફળ જઈશું તો મોદીના ગુલામ બની જઈશું’, ખડગે

નવીદિલ્હી,તા.૩

દિલ્હીમાં ‘ન્યાય સંકલ્પ વર્કર્સ કોન્ફરન્સ‘ને સંબોધતા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, ‘આ લડાઈ બંધારણ અને લોકશાહીને બચાવવાની લડાઈ છે, જો તમે આમાં નિષ્ફળ થશો તો તમે હંમેશા માટે મોદીના ગુલામ બની જશો.‘ ખડગેએ ભાજપ પર નફરતની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો અને મોદી સરકાર પર તેના વચનો પૂરા ન કરવાનો આરોપ પણ લગાવ્યો.

કોન્ફરન્સને સંબોધતા ખડગેએ કહ્યું, ‘તેઓએ (ભાજપ) દર વર્ષે બે કરોડ નોકરીઓ આપવાનું વચન આપ્યું હતું, તે નોકરીઓ ક્યાં છે? શું આપણે તેમને (મોદી) ‘જૂઠાણાંના સ્વામી‘ કહીએ? ખડગેએ કહ્યું, ‘આજે દરેક અખબારમાં મોદીની ગેરંટી લખાઈ છે. મોદીજીની ગેરંટી હતી કે દર વર્ષે બે કરોડ નોકરીઓ, લોકોના ખાતામાં ૧૫-૧૫ લાખ રૂપિયા, પણ મોદીએ કશું આપ્યું નહીં. કોંગ્રેસે જે પણ વચનો આપ્યા હતા તે પૂરા કર્યા. તેઓએ આપણા ખેડૂતોને છેતર્યા, યુવાનો, મહિલાઓને છેતર્યા. કોંગ્રેસ અધ્યક્ષે કટાક્ષ કરતા કહ્યું કે, ‘સબકા સાથ, સબકા વિકાસ, પરંતુ મોદીએ બધાને બરબાદ કરી દીધા છે.‘ ખડગેએ કહ્યું, ‘મોદીજી વાત નથી કરતા, તેઓ દરેકને અંદરથી કાપી નાખે છે. રામ મોઢામાં છરી લઈને બહાર આવે છે અને બધાને કાપીને ફરે છેપ આપણે પ્રેમની દુકાન ખોલી છે, પણ તેણે વેર અને નફરતની દુકાન ખોલી છે.

કોંગ્રેસે ન્યાય સંકલ્પ કાર્યકર્તા સંમેલન દ્વારા લોકસભા ચૂંટણી પ્રચારની શરૂઆત કરી છે. પૂર્વ દિલ્હીના ગાંધી નગરમાં રામલીલા મેદાનમાં ન્યાય સંકલ્પ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિત પાર્ટીના ઘણા વરિષ્ઠ નેતાઓએ ભાગ લીધો હતો. કોન્ફરન્સમાં આશરે ૨૦ હજાર કોંગ્રેસી કાર્યકરોને પાસ આપવામાં આવ્યા હતા.

## કોર્ટે ભાજપા સાંસદી રીટા બહુગુણાને ૬ મહિનાની જેલની સજા ફટકારી

(એ.આર.એલ),લખનૌ,તા.૩

લખનૌ એમપી એમએલએ કોર્ટે પ્રયાગરાજના બીજેપી સાંસદ રીટા બહુગુણા જોશીને ૬ મહિનાની જેલની સજા ફટકારી છે. વર્ષ ૨૦૧૨માં તેઓ વિધાનસભા ચૂંટણી દરમિયાન આચારસંહિતાનો ભંગ કરવા બદલ દોષી સાબિત થયા હતા. આ મામલે લખનૌના કૃષ્ણા નગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. એમપીએમએલએ કોર્ટના સ્પેશિયલ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અંબરીશ કુમાર શ્રીવાસ્તવે સજા સાથે કોર્ટે દંડ પણ ફટકાર્યો છે.




ભાજપા સાંસદ રીટા બહુગુણા જોશી લખનઉના કેન્ટ વિધાનસબા બેઠક પરથી ચૂંટણી જીત્યા હતા. જો કે ચૂંટણી પહેલા કરાતા પ્રચારમાં તેમણે આચાર સંહિતાનું ઉલ્લંઘન કર્યુ હોવાનો તેમના પર આક્ષેપ કરવામાં આવ્યો હતો. અને આ મામલે તેમના પર કોર્ટમાં કેસ પણ દાખલ કરાયો હતો. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ સાંજે લગભગ ૬.૫૦ વાગ્યે લખનૌના કેન્ટ વિધાનસભા ક્ષેત્રમાંથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે કૃષ્ણનગરના બજરંગ નગર વિસ્તારમાં રિટા બહુગુણા પ્રચાર કરી રહ્યા હતા. દરમ્યાન ચૂંટણી આચાર સંહિતા મુજબ પ્રચારનો સમય પૂર્ણ થયા બાદ પણ તેમને જાહેર સભાને સંબોધી હતી.અધિકારીઓને આ વાતની જાણ થતાં જ સ્ટેટિક સર્વેલન્સ મેજિસ્ટ્રેટ મુકેશ ચતુર્વેદી ઘટનાસ્થળે પહોંચી ગયા. ત્યાં તેમણે રીટા બહુગુણા જોશીને બજરંગ નગરમાં લગભગ ૫૦ લોકોની ભીડ સાથે મીટિંગ કરતા જોયા. જે કેમેરામાં કેદ થયો હતો. આ મામલે ચતુર્વેદી વતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસ તપાસ બાદ તે જ વર્ષે ૧૨ સપ્ટેમ્બરે જોશી વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ, કોર્ટે રીટા બહુગુણા જોશીને લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૧૨૬ હેઠળ ૬ મહિનાની કેદ અને ૧,૦૦૦ રૂપિયાના દંડની સજા ફટકારી હતી.

## પુણે યુનિવર્સિટીમાં રામલીલા પર વિવાદ:માતા સીતા અને રાવણનાં વાંધાજનક દૃશ્યો દર્શાવાયાં

પુણેની સાવિત્રીબાઈ ફૂલે યુનિવર્સિટીના ફાઈન આર્ટ્સ સેન્ટરમાં ‘બિહાઈન્ડ ધ સ્ક્રીન લાઈફ ઓફ ધ એક્ટર્સ પ્લેઈંગ રામલીલા‘ પર પર્ફોર્મ કરવામાં આવ્યું હતું, પરંતુ પર્ફોર્મન્સ દરમિયાન જ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અને નાટક રજૂ કરી રહેલા વિદ્યાર્થીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. છમ્ફ્નો આરોપ છે કે આ નાટકમાં માતા સીતા સાથે સંબંધિત ઘણાં વાંધાજનક સંવાદો અને દૃશ્યો છે.વિવાદ વધતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. ત્યાર બાદ રામલીલા પર આધારિત નાટક પર્ફોર્મ કરીને ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવા બદલ યુનિવર્સિટીના પ્રોફેસર અને ૫ વિદ્યાર્થીની ધરપકડ કરવામાં આવી છે.એફઆઈઆર મુજબ, નાટકમાં સીતાનું પાત્ર ભજવનાર વિદ્યાર્થીને સિગારેટ પીતો અને અપશબ્દોનો ઉપયોગ કરતો બતાવવામાં આવ્યો હતો. જ્યારે પ્રેક્ષકોમાં હાજર છમ્ફ્ના સભ્યોએ નાટક સામે વાંધો ઉઠાવ્યો અને પ્રદર્શન અટકાવ્યું, ત્યારે કલાકારોએ તેમને ધક્કો મારવાનું શરૂ કર્યું. કલાકારોએ કહ્યું હતું કે રામલીલામાં વિવિધ ભૂમિકાઓ નિભાવનાર કલાકારોના બેક સ્ટેજ હાસ્ય-મજાક પર આધારિત હતું.સબ-ઈન્સ્પેક્ટર અંકુશ ચિંતામને જણાવ્યું હતું કે છમ્ફ્ અધિકારી હર્ષવર્ધન હરપુડેની ફરિયાદના આધારે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૫ (છ), એટલે કે કોઈ પણ વર્ગની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના ઈરાદાપૂર્વક, દૂષિત ઈરાદા અને અન્ય જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

## ચીનનાં જાસૂસી જહાજોનો જડબાતોડ જવાબ આપશે INS ‘સંધ્યાક’:આજે નૌકાદળમાં થશે સામેલ; દરિયાઈ દેખરેખ વધશે

આ જહાજની રેન્જ ૧૧ હજાર કિમી છે. તે બંદરથી લઈને દરિયા કિનારા સુધીની દરેક વસ્તુ પર નજર રાખશે. જહાજમાં બોફોર્સ ગન પણ લગાવવામાં આવી છે અને જો જરૂર પડે તો ચેતક હેલિકોપ્ટર પણ તેમાં તહેનાત કરી શકાય છે.સુરક્ષાના દૃષ્ટિકોણથી સંધ્યાક ખૂબ જ ખાસ છે. તેનું કાર્ય દરિયાઈ નેવિગેશનને સરળ બનાવવાનું છે. દરિયાની ઊંડાઈ પર નજર રાખી શકશે. સંધ્યાકમાં ૧૮ અધિકારીઓ અને ૧૬૦ સૈનિકો તૈનાત કરી શકાય છે, જે બે ડીઝલ એન્જિન પર ચાલશે. ૨૮૮ ફૂટ લાંબા સર્વે શિપનું વજન ૩૪૦૦ ટન છે. ૪૨ ટકા હાઈ બીમ ધરાવતું આ સર્વે શિપ ઈસ્ટર્ન નેવલ કમાન્ડ, વિશાખાપટ્ટનમમાં તૈનાત કરવામાં આવશે. ખાસ વાત એ છે કે તે ૮૦ ટકા સ્વદેશી છે. આમાં બોફોર્સ ગનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંધ્યાકમાં



ચેતન હેલિકોપ્ટર તૈનાત કરી શકાય છે. તે સમુદ્રમાં જાસૂસી કરતા ચીની જહાજોનો જવાબ આપશે. સંધ્યાક પહેલીવાર નેવીમાં સામેલ નથી થઈ રહ્યું. તેનું જૂનું વર્ઝન ૧૯૮૧ થી ૨૦૨૧ સુધી ભારતીય નૌકાદળનો ભાગ હતું. જે ૪ જૂન ૨૦૨૧ના રોજ નિવૃત્ત થયું હતું. જૂના વર્ઝનની સરખામણીમાં નવું સર્વેક્ષણ જહાજ ઘણું અદ્યતન છે.સાંધ્યક શિપનું મુખ્ય કામ સર્વેક્ષણ અને નેવિગેશનને સુધારવાનું છે. દરિયાની ઉંડાઈમાં હાઈડ્રોગ્રાફિક સર્વે ઘણી માહિતી આપશે. તે ઊંડા અને છીછરા પાણીમાં મલ્ટી-બીમ ઈકો-સાઉન્ડર્સ ઉત્પન્ન કરશે. તે સમુદ્રમાં આવતા કોઈપણ જહાજને પણ ટ્રેક કરી શકશે. સંધ્યાકમાં સેટેલાઈટ આધારિત પોઝિશનિંગ સિસ્ટમ પણ છે.

## તંત્રી લેખ......

# બાયડેન ઈતિહાસમાં થયેલા સૌથી નકામા પ્રમુખ

ઓહાયો રાજ્યમાં આવેલા 'ઈસ્ટ પેલેસ્ટાઈન'માં બનેલી ભયંકર રેલ્વે દુર્ઘટના પછી પ્રમુખ જો બાયડેને એક વર્ષ બાદ લીધેલી મુલાકાતની ઉગ્ર ટીકા કરતા તેમના પ્રતિસ્પર્ધી રીપબ્લિકન પાર્ટીના અગ્રણી ડોનાલ્ડ ટ્રમ્પે બાયડેન ઉપર ઉગ્ર પ્રહારો કરતા કહ્યું હતું કે, તે દુર્ઘટના પછી છેક એક વર્ષે તેમણે તે સ્થળની લીધેલી મુલાકાતનો હેતુ (જનતાને સહાયભૂત થવાનો નહીં) પરંતુ માત્ર અને માત્ર રાજકીય જ હતો.એ દુર્ઘટના પછી એક વર્ષે ફેબ્રુઆરી ૨૦૨૪માં બાયડેને તે સ્થળની મુલાકાત લેવાના છે આ અંગે ટ્રમ્પે કહ્યું : 'એક તરફ આપણી આસપાસની દુનિયા ફાટી રહી છે. મધ્ય-પૂર્વ ભડકે બળે છે ત્યારે ઓહાયો સ્થિત ઈસ્ટ પેલેસ્ટાઈનની મુલાકાતે જવા નીકળ્યા છે તેનો હેતુ માત્ર જેટલો મળે તેટલો રાજકીય યશ લેવાનો જ છે પરંતુ તેઓ જે કૈં કરે છે તે છેવટે વિનાશક જ બની રહે છે.'

આ સાથે ટ્રમ્પે બાયડેને લીધેલી તે મુલાકાતની સમય ઉચિતતા અંગે પણ પ્રશ્નાર્થો ઉલ્લેખનીય છે કે, એક વર્ષ પૂર્વે અમેરિકાના ઈસ્ટ પેલેસ્ટાઈનમાં એક રેલવે દુર્ઘટના બની હતી કે તુર્ત જ ડોનાલ્ડ ટ્રમ્પે તે વિસ્તારની મુલાકાતે ગયા હતા, સહાય કરી હતી. જ્યારે અમેરિકાની સરકારે (ફેડરલ ગવર્નમેન્ટ) કરેલી સહાયને મર્યાદિતગણાવતા તેને જનસામાન્ય સાથે દગાખોરી કરી હતી.બાયડેને તે સ્થળની સંભવિત મુલાકાતની ઉગ્ર ટીકા કરતા ટ્રમ્પે કહ્યું હતું કે, હું તે મહાન લોકોને ઓળખું છું. તે ઘટના પછી સહાયકાર્ય શરૂ થયેલું ત્યારે હું ત્યાં જ હતો (હવે બાયડેન જશે

# ડાંગ જિલ્લા આહવા તાલુકાની સરસ્વતી વિદ્યા મંદિર, ધૂળચોંડ શાળામાં રમોત્સવ દિનની ઉજવણી કરાઈ



આહવાઃ

ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં સમાવિષ્ટ ધૂળચોંડ ગામની અનાથ અને ગરીબ બાળકો માટેની સ્કૂલ સરસ્વતી વિદ્યા મંદિર, ધૂળચોંડ શાળામાં તારીખ-૨/૨/૨૦૨૪ના દિને રમતોત્સવ આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમની શરૂઆત સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ એસ.ગાઈનના હસ્તે દીપ પ્રાગટ્ય કરી રમતોત્સવની શરૂઆત કરવામાં આવી હતી.

આ રમોત્સવમા ધોરણ ૧ થી ૮ ના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અહી, કુલ ૧૫ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ખોખો, કબડ્ડી, રસ્સાખેંચ, લીબુ-ચમચી, કોથળા કુદ, સંગીત ખુરશી, કેળાકૂદ, સિક્કાશોધ, ત્રિ-પગી દોડ, ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, ફુગ્ગાફોડ, સોય-દોરો, બોટલમાં પાણી ભરવું વિગેરે રમતો બાળકોને રમાડવામાં આવી હતી.

આ રમોત્સવમા શાળાના આચાર્ય શ્રીમતી પાર્વતીબેન એમ.ગાઈન, શાળાના શિક્ષકો શ્રીમતી તેજલબેન એ.ચૌધરી, શ્રીમતી સ્વાતિબેન આર. કોંકણી, શ્રી સોમનાથભાઈ વાય. બાગુલ, શ્રી સ્વપ્નીલભાઈ કે. દેશમુખ સહિત બાલવાટિકાના ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દેશની સેવા કરવામાં જે મીઠાશ છે તે બીજી એકેય ચીજમાં નથી. - ડો. વર્ષાબેન સી. પટેલ

આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ ચાણસ્માના સાંસ્કૃતિક પ્રવૃત્તિ, એન.સી.સી. અને એન. એસ. એસ.ના ઉપક્રમે દેશભક્તિ ગીત સ્પર્ધા, વિદ્યાર્થીઓના વક્તવ્યો અને વ્યાખ્યાનના વિવિધ કાર્યક્રમો યોજાયા. આ પ્રસંગે યોજેલ દેશભક્તિ ગીત સ્પર્ધામાં ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં અજમલ ઠાકોર પ્રથમ, વિધિ સોલંકી દ્વિતીય અને સંગીતા વાઘેલા તૃતીય ક્રમે વિજેતા બન્યા.




ગૃહવિજ્ઞાનના એસોસિયેટ પ્રોફેસર ડો. ધરતીબેન ગજ્જર અને એન.સી.સી.ના લેફ્ટનન્ટ ડો. હિંમતભાઇ એસ. મુળાણીએ સ્પર્ધાના નિર્ણાયકની ભૂમિકા બજાવી. આ પ્રસંગે 'જરા યાદ કરો કુરબાની' વિષય પર વ્યાખ્યાન આપતાં ગૃહવિજ્ઞાન વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડો. વર્ષાબેન સી.પટેલે કહ્યું કે આજે બધા જ દેશભક્તિની વાતો કરે છે પણ એવું લાગે છે કે પોતાના સ્વાર્થ સાધવા આ બધી વાતો થતી હોય. પણ આપણો ઈતિહાસ સાક્ષી છે કે ઘણા જવામરદોએ પોતાના દેશ માટે પોતાના પ્રાણની આહૂતિ આપી છે. દેશદાઝના દાખલા જોઈએ એટલા મળે છે. ત્યારે એમની સરખામણીમાં આજે વાતો કરનારા કેટલા વામળા લાગે છે? કારણ કે પોતાની જન્મભૂમિ સ્વર્ગથી પણ પ્યારી છે. એવું ખમીર કોની પાસે છે ? જ્યાં જન્મ્યા, જે માટીથી આપણો દેહ ઘડાયો એના પ્રત્યે આપણી વફાદારી હોવી જોઈએ. એના પ્રત્યેનું આપણું કર્તવ્ય આપણે અદા કરવું જોઈએ. કારણ કે કર્તવ્યપરાયણતા એ ઈશ્વરની પૂજાનું સૌથી ઊંચામાં ઊંચું સ્વરૂપ છે. આજની નવી પેઢીને ખબર જ નથી કે આપણે આપણી આઝાદી કેવી રીતે મેળવી છે ? કેટલાય લબરમૂછિયા ખપી ગયા છે. કેટલાયે જેલમાં હાડકાં ઓગાળી નાખ્યાં છે ? કેટલાયને કાળાપાણીની સજા થઈ છે ? છતાં મનથી તૂટ્યા વિના લડતા રહ્યા છે. એવા આપણા દેશવાસીઓને સો સો સલામ સામટી. એવા દેશભક્તોના નામ સાંભળતા આપણું મસ્તક ઉન્મત્ત બની જાય છે. આપણામાં ખુમારી પ્રગટે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાંસ્કૃતિક પ્રવૃત્તિના સંયોજક ડો. વીણાબેન એસ. રાજે અને આભાર વિધિ રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડો. જિતેન્દ્રકુમાર વી. પટેલે કરી

નિખિલ જોષી : પાટણ જિલ્લા બ્યુરોચીફ

# જયલલિતા જેમ ખુરશી સાથે રાખો, જેથી ખુરશી મોડી આવવાથી અકળાઈને કોઈ કાર્યકરને પથ્થર મારવા ન પડે!!!

"ગિરધરભાઈ. કોઈ પથ્થર ક્યારે ફેંકે??" રાજુએ દસ શેર પથ્થરરૂપી સવાલ મારા પર ઝીંક્યો. મને તમ્મર ચડી ગયા. રાજુ રદી વેતાળ જેવો છે. વેતાળ નામનું મડદું ઝાડ પરથી ઉડીને વિક્રમ રાજાના ખભા પર લેન્ડ થાય. એક વાર્તા કહે. પછી વાર્તાના સિલેબસસમાંથી અઘરો સવાલ પૂછે. રાજા મૌન રહી શકે નહીં. વિક્રમ જવાબ આપે એટલે વૈતાળ નામનનું મડદું પાછું વિક્રમ રાજાના ખભા પરથી ટેઈક ઓફ લઈ ઝાડ પર લેન્ડ થાય.

" રાજુ . આમ , તો નોર્મલ ઈન્સાન પથ્થથરમારો કરે નહીં ગાંડો માણસ મગજની કમાન છટકે તો આગળપાછળનો વિચાર કર્યા વગર તબિયતસે સે પથ્થર ઉછાળો

જેમ ઘણા લોકો કાર્ય કર્યા પછી તેના વિશે વિચારોછે પછી તેને જસ્ટીફાય કરવા કોશિશ કરે છે" મેં કાર્ય કારણનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કર્યું.

" ગિરધરભાઈ. કોઈનો વિરોધ કરવા માટે ધરણા, પ્રદર્શન કે રેલીમાં તોફાની તત્વો ઘૂસી જઈ વાતાવરણ ડહોળવા માટે પથરાવ કરે. ચડી બનિયાનધારી ચોરોની ગેંગ રાત્રે ચોરી કરતી સમયે ભય ફેલાવવા પથ્થરમારો કરે, જેથી લોકો ઘરના બારણા ખોલી મદદ કરવા દોડી ન આવે અને ચોરીનું કામ નિર્વિઘ્ને પાર પડી જાય!!" રાજુએ પથરાવના કારણો રજૂ કર્યા.

" રાજુ કોઈ કલેકટર ,એસપી કે એમએલએ કે સંસદસભ્ય પથ્થર ફેંકે ખરા??" મેં રાજુને સવાલ કર્યો.

" ગિરધરભાઈ. તમે જે મહાનુભાવો કહ્યા તેના કપડા પર શાહી ફેંકવાના પ્રસંગો બંને છે. તેમને જૂતાંનો હાર પહેરાવે છે. તેમના પર જૂતું પણ ફેંકાય છે. ટમેટા મોંઘા હોય કે સસ્તા નેતા પર ટમેટા ફેંકાય છે. ઈંડા ફેંકાય છે. વાણિયા લોકો કોઈ ગાળ આપે તો પણ કંઈ આપી ગયો છે કાંઈ લઈ ગયો તો નથીને ?? એવો એપ્રોચ રાખે છે!!! નેતાલોગ વાણિયા જેવા છે. " રાજુએ વાસ્તવદર્શી વાત કહી.

" રાજુ. આપણે ત્યાં ૧૩૫ કરોડ છે. વસ્તી સામે ખુરશીની સંખ્યા ઓછી છે. ખુરશીદાસોની સંખ્યા ઘણી જ વધારે છે. ખુરશીનીન તંગી ધ્યાનમાં રાખી સંગીત ખુરશીની રમત વિધાનસભા અને લોકસભામાં દેશને આઝાદી મળ્યાથી રમાઈ રહી છે!!મ્યુઝિકલ ચેરની રમત અહીંથી શરૂ થઈને વિશ્વના ખૂણે ખૂણે કોરોનાની માફક પ્રસરી હશે. ખુરશી ખુરશીની ઋચાનું પઠન કરતા ખુરશીદાસ બહુમતીમાં વસે છે. ખુરશી નાની મોટી હોઈ શકે. ખુરશી પ્લાસ્ટિક કે વુડન હોઈ શકે. કેટલીક ખુરશી ચુલબુલી હીરોઈન જેવી ઝીરો ફિગર હશે. !!કેટલાક કોમલાંગના તો કેટલાક ડબલાંગના!! અહીં કોઈ ખુરશીને ઉદેશીને એમ ગાતું નથી કે 'મેરે આંગનેં મેં તુમ્હારા કયાં કામ હે??'ખુરશીની અવેજીમાં પણ ખુરશીની માંગ રહે છે. ખુરશીના વિકલ્પે કોઈ બાજઠ કે સ્ટુલથી કામ ચલાવતા નથી. ખુરશી પર બિરાજનારો માજી( માજી એટલે વૃધ્ધા નહીં બચુભાઈ!!)ભૂતપૂર્વ, સેવા અવકાશ કે એકસની વાત થાય છે!! ખુરશી ચિર યોવના છે. સેઈમ ટુ સેઈમ યયાતિ!! ખુરશી વયોવૃદ્ધ કે જૈફ થતી નથી.ખુરશીને મંદી બંદી લાગતી નથી. ખુરશીની કિંમત દિન દુગુના રાત ચૌગુના જેવી અકલ્પનીય કિંમતે વધે છે!! એટલે કોઈ શેખચલ્લીએ સસ્તી ખુરશીની કામના કરવી નહીં!!સસ્તી ખુરશી ચાઈનીઝ પ્રોડકટ જેવી હોય છે. ચલે તો સાલોસાલ તક નહીં તો શામ તક!! તહેવારોમાં સાડીના સેલની જેમ એક ખુરશીની ખરીદી પર એક એકથી વધુ , ફલેટ ૫૦ % , ૫૦ ટકા સુધી ડિસ્કાઉન્ટ સેલ, મહાસેલ, મેગાસેલ, સ્ટોક કિલયરન્સ સેલ યોજાતા નથી. જો કે , ક્યારેક ક્યારેક રિસોર્ટમાં પ્રિયુઝડ ખુરશીઓ અકલ્પનીય કિંમત અને કાઈન્ડ શરતોએ ખરીદ કરવામાં આવે છે, જે બીજી ખુરશીના પાયા ઢીલા કરી તેને ધરાશાયી કરવા માટે ઉપયોગી થાય છે!! આપણા દેશમાં લોકશાહી નહીં પણ ખુરશીશાહી છે. ખુરશી વડે, ખુરશી માટે અને ખુરશી થકી ચાલતી પ્રણાલિકા!! એની ડાઈટ??" મેં ખુરશી પુરાણ વાંચ્યું.

" ગિરધરભાઈ. ખુરશી આફત લાવે છે. ખુરશી અવસર લાવે છે., ખુરશી થુલીને કંસાર બનાવે છે. ક્યારેક કંસારની થુલી કરી નાંખે છે. જેમ ગોળ વિના ફિક્કો કંસાર હોય છે તેવું કહેવાય છે તેમ ખુરશી વિના ?સમજી જાવને હવે! બધું અમારી પાસે કયાં બોલાવો છો??ખુરશી ફિલ્મોનો પણ હિસ્સો બની ગઈ છે. જેમ કે, કિસ્સા કુર્શી કા! વિમાનમાં સવારી કરો ત્યારે ખુરશી કી પેટી બાંધી રાખવાનું કહેવામાં આવે છે!!ખુરશી માટે ખુનામરકી આગુ સે ચલી આતી હૈ. બાપ દીકરાની ,દીકરો બાપની ,પતિની પતિની કે પતિ પત્નીના લોહીથી પોતાના હાથ રંગવાથી અચકાતા નથી.ખુરશી માટે રમખાણ થાય, કમઠાણ થાય, અથડામણ થાય, સંકડામણ થાય, અકળામણ થાય, પતાવટ થાય, બનાવટ થાય, રખાવટ થાય!! પંકજ ઉધાસે કોઈ કન્યાને ઉદેશીને નહીં પણ ખુરશીને ઉદેશીને "ચાંદી જૈસા રંગ હૈ તેરા, સોના કા કા હાથા, એક તું હૈ ધનવાન ખુરશી બાકી સબ કંગાલ !! "જેવી ગઝલ લલકારી છે!! દિલ્હીના નવા ઉપ-રાજયપાલ વિનય કુમાર સક્સેનાના શપથ ગ્રહણ સમારોહમાં એક ના થવાની ઘટના થઈ હતી. સમારોહમાં બેસવાની જગ્યા ના મળતા નારાજ બીજેપી સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. હર્ષવર્ધન સમારોહ છોડીને જતા રહ્યા હતા.આમ, ખુરશી ગયા પછી નેતાઓ કેવા આળા થઈ જાય તેનું દ્રષ્ટાંત છે!!" રાજુએ કહ્યું.

"રાજુ.ગુજરાત ઈતિહાસને જોવામાં આવે તો કમસે કમ બે વખત એવું થયું છે કે મુખ્ય મંત્રીનું નામ 'સાર્વજનિક' થઈ ગયું હોય અને છેલ્લી ઘડીએ તે બદલાઈ ગયું હોય. " મેં એક ઐતિહાસિક તથ્ય દર્શાવ્યું .

ગિરધરભાઈ . હમણા તામિલનાડુના ખુરશી સુંદરીના વિરહ-અહાંગરાથી આકળવિકળ થઈ મંત્રી સાહેબે હાસ્યાસ્પદ હરકત કરી. તમિલનાડુના મંત્રી એક કાર્યક્રમમાં ગયા ત્યાં ખુરશી લાવવામાં થોડું મોડું થયું તો મંત્રી સાહેબને એટલો ગુસ્સો આવ્યો કે કાર્યકરો પર પત્થરમારો શરૂ કરી દીધો. મંત્રીનો એક નાનકડો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તમિલનાડુના દૂધ અને ડેરી વિકાસ મંત્રી એક કાર્યક્રમની તૈયારીઓ દરમિયાન તેમના માટે ખુરશી લાવવામાં વિલંબ કરવા બદલ કાર્યકરો પર પત્થર મારો કર્યો હતો. એક અવાજ વગરના વીડીયોમાં મંત્રી ઈશારાથી ખૂબ જ ગુસ્સામાં જોવા મળે છે.!" રાજુએ હિન્ડનબર્ગ જેવો અહેવાલ ફાઈલ કર્યો!!

તામિલનાડુના મુખિયમંત્રી જયલલિતા અસંતુષ્ટ લોકો ખુરશી છીનવી ન શકે એટલે ગમે તે જગ્યાએ પ્રવાસ કરે તો તેની ખુરશી એ પણ ચાર્ટર પ્લેનમાં પોતાની સાથે રાખતા!!!

તમારી ખુરશી સાથે રાખવાથી ખુરશી મોડી પડવાની સંભાવના રહેતી નથી. જેથી મન તનાવમા રહેતું નથી કે અકળાઈને કોઈ કાર્યકરને પથ્થર મારવાની નોબત ન આવે!!!

કુછ સમજે બરખુદાર ???

ભરત વૈષ્ણવ

# સપ્તાહ દરમિયાન સોનાના વાયદાના ભાવમાં રૂ.૧,૭૦૧ અને ચાંદીમાં રૂ.૪૪૫નો ઉછાળોઃ ક્રૂડ તેલ રૂ.૧૭૫ લપસ્યું

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૯ જાન્યુઆરી થી ૧ ફેબ્રુઆરી સુધીના સપ્તાહ દરમિયાન રૂ.૪,૬૫,૫૮૧.૯૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭૫,૦૦૬.૮૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩,૯૦,૫૧૪.૬૩ કરોડનો હતો, જ્યારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુલડેક્સ વાયદામાં રૂ.૬૦.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨,૦૮૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૩,૯૭૯ અને નીચામાં રૂ.૬૨,૦૪૧ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૭૦૧ના ઉછાળા સાથે રૂ.૬૩,૬૬૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૧૦ વધી રૂ.૫૦,૪૨૩ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫૧ વધી રૂ.૬,૧૫૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૦૪૩ વધી રૂ.૬૩,૦૭૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૭૧,૮૫૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૨,૭૦૫ અને નીચામાં રૂ.૭૧,૦૦૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૪૫ના ઉછાળા સાથે રૂ.૭૨,૨૧૮ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૦૧ વધી રૂ.૭૨,૨૪૩ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૩૯૫ વધી રૂ.૭૨,૨૫૬ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ ફેબ્રુઆરી વાયદો રૂ.૭૨૭.૯૫ના ભાવે ખૂલી, રૂ.૨.૭૫ ઘટી રૂ.૭૨૬.૭૫ જ્યારે એલ્યુમિનિયમ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ ઘટી રૂ.૨૦૨.૫૦ તેમ જ સીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૭.૨૦ ઘટી રૂ.૨૨૧ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ફેબ્રુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૦૫ ઘટી રૂ.૨૦૨.૯૦ સીસુ-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ ઘટી રૂ.૧૮૨.૨૫ જસત-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૭.૦૫ ઘટી રૂ.૨૨૦.૯૫ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૬,૪૪૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૫૨૯ અને નીચામાં રૂ.૬,૧૬૨ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૭૫ ઘટી રૂ.૬,૨૦૬ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૭૨ ઘટી રૂ.૬,૨૦૫ બંધ થયો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૨ના ભાવે ખૂલી, રૂ.૧૧.૨૦ ઘટી રૂ.૧૭૧.૩૦ અને નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો ૧૧.૩ ઘટી ૧૭૧.૬ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૫૭,૯૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૭,૯૮૦ અને નીચામાં રૂ.૫૬,૯૪૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૬૦ ઘટી રૂ.૫૭,૮૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૩૦ વધી રૂ.૯૨૭.૫૦ બોલાયો હતો.

# સુરક્ષા પડકારો છતાં સામાન્ય ચૂંટણી સમયસર યોજાશે,પાકિસ્તાન ચૂંટણી પંચ




ઈસ્લામાબાદ,તા.૩

પાકિસ્તાનમાં ચૂંટણી-સંબંધિત હિંસા અને સુરક્ષાના પડકારો વધવા છતાં, ચૂંટણી નિર્ધારિત પ્રમાણે યોજાશે. મુખ્ય ચૂંટણી કમિશનર સિકંદર સુલતાન રાજા અને પાકિસ્તાનના કાર્યકારી ગૃહ પ્રધાન ગોહર એજાઝે ૮ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે.

પાકિસ્તાનના ચૂંટણી પંચે ખૈબર-પખ્તુનખ્વા અને બલૂચિસ્તાનમાં બગડતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ચર્ચા કરવા માટે એક બેઠક બોલાવી હતી, એમ ઈસીપીના નિવેદનમાં જણાવાયું હતું. તેમાં ગૃહમંત્રી, ગૃહ સચિવ, મુખ્ય સચિવ, ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાનના પોલીસ મહાનિરીક્ષકો તેમજ ગુપ્તચર એજન્સીઓના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.બેઠકને સંબોધતા સીઈસીએ કહ્યું, '૮ ફેબ્રુઆરીએ ચૂંટણી સમયસર યોજાશે. સુરક્ષા પડકારો હોવા છતાં, સીઈસી સંપૂર્ણ રીતે તૈયાર છે. તેમણે કહ્યું કે જે લોકો અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરે છે તેમની સાથે સેના સહિત કાયદા અમલીકરણ એજન્સીઓની મદદથી કાર્યવાહી કરવામાં આવશે અને કોઈના પ્રત્યે કોઈ નમ્રતા રાખવામાં આવશે નહીં.

રાજાએ બે પ્રાંતોમાં નાજુક કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સહિત ઈસીપી કાર્યાલય અને રાજકીય પક્ષો પરના હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જાહેરાત કરી હતી કે આ હુમલાઓ ચૂંટણી પ્રક્રિયાને અસર કરશે નહીં. સુરક્ષા બેઠક બાદ કાર્યવાહક ગૃહ મંત્રી ઈજાઝે મીડિયાને કહ્યું કે ખૈબર-પખ્તુનખ્વા (કેપી) અને બલૂચિસ્તાનમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ચૂંટણીને લઈને કોઈ શંકા હોવી જોઈએ નહીં. ભલે ગમે તે થાય.ખૈબર-પખ્તુનખ્વા અને બલૂચિસ્તાનના મુખ્ય સચિવોએ બેઠકને તેમના પ્રાંતોમાં સુરક્ષાની સ્થિતિ અને આતંકવાદનો સામનો કરવા અને લોકોને ચૂંટણીમાં ભાગ લેવામાં મદદ કરવા માટે લેવામાં આવેલા પગલાં વિશે માહિતી આપી હતી.નોંધનીય છે કે ૮મી ફેબ્રુઆરીએ યોજાનારી સામાન્ય ચૂંટણી પહેલા ઈમરાન ખાન અને પાકિસ્તાનમાં જેલમાં બંધ તેમની પાર્ટીના સાથીદારો અનેક અવરોધોનો સામનો કરી રહ્યા છે. તેમના પક્ષના ચૂંટણી ચિન્હને છીનવી લેવા ઉપરાંત, ખાન પોતે અને તેમના વરિષ્ઠ સહયોગી શાહ મહેમૂદ કુરેશીને ઘણા કેસોમાં જેલની સજા થઈ છે. અને તેમના ઉમેદવારી પત્રો પણ નામંજૂર કરવામાં આવ્યા હતા.

# ભારતીય મૂળની વિધાર્થિનીએ ઈતિહાસ રચ્યો, સંયુક્ત રાષ્ટમાં અમેરિકાનું પ્રતિનિધિત્વ કર્યું

વોશિંગ્ટન,તા.૩

અમેરિકામાં વધુ એક ભારતીય મૂળના વિદ્યાર્થીએ દેશનું ગૌરવ વધાર્યું છે. મૂળ રાજસ્થાનના કોટાની વતની અને નવમા ધોરણમાં વિદ્યાર્થિની અક્ષિતા ઠાકુરને યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સમાં અમેરિકાની યજમાની કરવાની તક મળી હતી.અક્ષિતાએ ૧૭ થી ૨૧ જાન્યુઆરી વચ્ચે પ્રાગમાં આયોજિત ક્લાઈમેટ ચેન્જ પર સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં અમેરિકાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેણે આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં તમામની સામે ક્લાઈમેટ ચેન્જ સંબંધિત વિષય પર પોતાનું સ્ટેન્ડ રજૂ કર્યું હતું. ભારતીય મૂળની વિદ્યાર્થિની અક્ષિતા ઠાકુરને પ્રાગમાં આયોજિત આ કોન્ફરન્સમાં ભાગ લેવાનો મોકો મળ્યો. અમેરિકામાંથી અક્ષિતા સહિત કુલ ૧૬ બાળકોની પસંદગી કરવામાં આવી હતી.

નોંધનીય છે કે આ સંયુક્ત રાષ્ટ્ર પરિષદ માટે ધોરણ ૯ થી ધોરણ ૧૨ સુધીના ૪૦૦ થી વધુ શાળાના વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 224**
વિષય :- "**NOG** સાહિત્ય સરિતા ગૃપ દ્વિતીય સ્નેહ મિલન ૨૦૨૪"
શિર્ષક :- ‘પ્રીતાર્ષ’નો પ્રારંભ?
પ્રકાર :- ગદ્ય પદ્ય - શબ્દ :- ૪૮૫
નામ :- પ્રીતિ શાહ પટેલ ’પ્રીતાર્ષ ’

માનનીય શ્રી કૌશિકભાઇ અને શ્રીમતી રાજુલબેને પાઠવેલ શુભેચ્છા સંદેશ અને સુભાશિષ સાંભળતા અંતરને એમના વતીથી જાણે કે ટેલિપથી થઇ આવી; જેને શબ્દશઃ રજૂ કરું છું.

પ્રસન્ન રહો, પ્રયોજક રહો, ઓ પ્રદીપભાઇ સાહેબજી ;
પ્રારંભી આપ, પુરુષાર્થી આપ, આપ છો પારદર્શકજી..
કાયમ હીરા પારખ્યા, બની ગયા આપ પોષકજી ;
પ્રિય બન્યા ગાંધીનગર ( પાટણ )ના, સાહિત્યહિતમાં પ્રવૃત્તજી..

પ્રોત્સાહન આપવાના માહેર, કામકાજમાં પ્રેરકજી ;
સાહિત્ય સરિતાના પારસમણિ, સૌના પથપ્રદર્શકજી..
પ્રફુલ્લિત મનના સ્વામીશ્રી, ગૌરવવંતા પ્રામાણિકજી ;
વાણીમાં પ્રહસની, ખ્યાતિમાં પ્રસિદ્ધ, સ્વભાવે પ્રશાંતજી..

વ્યવહારમાં પરગજુ ને પરોપકારી, વ્યક્તિત્વમાં પ્રભાવીજી ;
નામ કર્યુ કામ થકી પ્રસ્થાપિત, દરેક કામના પ્રવર્તકજી ;
પ્રબળ જીવનશક્તિથી ભરેલા, પ્રેમપાત્ર સૌના પ્રવીણજી ;
પુલકિત હૈયું જેમનું, આપણા સૌના પ્રીતિપાત્રજી..

પ્રસન્ન રહો, પ્રયોજક રહો, ઓ પ્રદીપભાઇ સાહેબજી.... ????

**Life begins at "40"**
એ ઊક્તિને સદેહે સત્યતામાં નિહાળવા માણવા મળી. દિગ્ગજ આમંત્રિત હસ્તીઓ, સાહિત્ય સેતુથી સંકળાયેલ સભ્યો, હિંદુ પરંપરાના ઉત્કૃષ્ટ ઉદાહરણ સમ સન્માનનીય આવકાર, સરભરા; સમય જાણે થંભી ગયો. સંચાલકશ્રી દ્વારા પ્રસંગમાં ઉપસ્થિત વ્યક્તિવિશેષનો હૂંફાળો પરિચય અનૌપચારિક મહેસૂસ થયો. હૈયું જાણે ખળ ખળ વહેતા ઝરણાંની જેમ ભાસ્યું. અને એ જ ઘડીએ આ પરિવારના સદસ્ય બનવાનું પ્રણ લેવાઇ ગયું.

સંચાલકશ્રી, આયોજકશ્રી, એન્કર શ્રી, ગદ્ય, પદ્ય, એકાંકીની અભિવ્યક્તિ, સંગીતની સૂરાવલિ અને સાહિત્ય વિશ્ર્વની વિરલ પ્રતિભાઓને સાંભળવાનું સૌભાગ્ય ખૂબ વ્હાલું લાગ્યું.

પ્રોગ્રામમાં જતા પહેલાની મનઃસ્થિતિ ચિંતાસભર હતી. બધા નવા અને અપરિચિત ચહેરા, પ્રથમ મુલાકાત, આખો દિવસ ભરસક કાર્યક્રમની રૂપરેખા - પરંતુ, સ્થળ પર પહોંચતા જ મીનાક્ષીબહેન, પ્રદીપભાઇનો અત્યંત ઉષ્માસભર આવકાર, અને ઉપસ્થિત તમામ સાથે પરિચય કરાવવાની એમની કળા હૃદયને સ્પર્શી ગઈ.

હાજર વડીલગણ, જયકાંત સર, વિભૂતિબહેન, સતીન સર, દિપ્તીબહેન, કૃષ્ણ સર, વિષ્ણુ સર, દેવેન્દ્ર સર, દિલીપ સર, મુક્તિદાબહેન ( બધાના નામ લખવા છે, પણ શબ્દ મર્યાદા ) વિગેરેની ઊર્જા અને સ્ફૂર્તિ કાબિલેતારિફ છે. સાહિત્ય ફલકમાંનું એમનું જ્ઞાન, ખેડાણ, ખૂબ ગહન - સાથે સાથે વિનોદવૃત્તિ પણ અપ્રતિમ. કોઇ રહી ના જાય એની કાળજી સાથે બધાના ફોટોગ્રાફ લેવાનું શરૂ મીનાક્ષીબહેને કર્યુ, અને પછી તો જાણે એ સ્વયંભૂ આરોપાઇ ગયું બધામાં. ચા સાથે અલ્પાહાર કરતાં, બપોરે અને સાંજે જમતાં, બધાની ઓળખ આપતા એમ તવારીખ સર્જાઇ ગઇ.

કૌશિક સર, રાજુલબહેનનો શુભાશિષથી સભર શુભેચ્છા સંદેશ ( બંને દેશના સમયમાં ખાસ્સો અંતરાલ હોવા છતાં ) સમયસર આવવો, અત્યાધિક વ્હાલું લાગ્યું. અને મને પણ કંઇક કહેવાની પ્રેરણા થઇ આવી. કહ્યું, સર્વાનુમતિ મળ્યા બાદ. સાહિત્ય જગતમાં મારી પા પા પગલીનો શુભારંભ થયો. મંચસ્થ વિભૂતિઓએ બિરદાવ્યું, એ સિવાય સભામંડપમાં ઉપસ્થિત સદસ્યોએ પણ. સાથે ફોટોગ્રાફ લીધા. બધી અનુભૂતિને શબ્દદેહ આપવો શક્ય નથી.

આમંત્રિતોનું શાલ, પુષ્પગુચ્છથી બહુમાન; વિજેતાઓને પારિતોષિકથી સન્માન, આશ્વાસન ઈનામ, લકી ડ્રો માં આવનારને ભેટ, નિર્ણાયકશ્રીને મોમેન્ટો અને સા.સ ગ્રુપના સભ્યોને પ્રમાણપત્ર. બધું જ ખૂબ સરસ. ’પૂજા’ માટે અલગ લેખનની જરુર પડે એમ છે.

આખો દિવસ હર્ષોલ્લાસમાં ક્યાં પસાર થઇ ગયો, ખ્યાલ જ ના રહ્યો. સવારના ૦૯-૦૦ વાગ્યાની ચિંતિત મનઃસ્થિતિ રાત્રિના ૦૯ - ૦૦ થતા ખુશનસીબીમાં પરિણમી. સા.સનો પરિવાર પોતીકો હોવાની અનુભૂતિ થઇ. આવું સ્નેહ મિલન અવારનવાર યોજવું મુશ્કેલ છે, પણ અસંભવ નથી. સંચાલકશ્રી, અને વ્યવસ્થાપક કમિટિને નમ્ર અનુરોધ કે વર્ષ સુધી રાહ ના જોવડાવે, અને જ્યારે જ્યારે, જ્યાં પણ શક્ય બને આવા પ્રોગ્રામનું આયોજન કરતા રહે. (??) કરશો ને પ્લીઝ ???

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. -160**
વિષય : **NOG** સાહિત્ય સરિતા ગ્રુપ દ્વિતિય સ્નેહમિલન ૨૦૨૪
શિર્ષક : સુખદ સંસ્મરણ
પ્રકાર : ગદ્ય ; શબ્દો : ૩૩૩
લેખિકાનું નામ : રશ્મિકા અમીન ’રશ્મિ’

વર્ષા અને વસંત વચ્ચેની ગ્રીષ્મ ઋતુમાં
શ્રી પ્રદિપભાઈ તથા શ્રી મિનાક્ષી બહેનની મનિષા ફળી. સાહિત્યની વિરલ વિભૂતિના પ્રતિક સમા સાહિત્ય રસિકોનું સ્નેહમિલન યોજાયું જાણે અરૂણ નવપલ્લવિત થયો.

કવિ કૃષ્ણ દવેજી, ભારતનો સન્માનનીય પુરસ્કાર પદ્મશ્રી પ્રાપ્ત કરનાર વિષ્ણુ પંડ્યાજી, સતીન દેસાઈજી તથા ડૉ. દક્ષા જોષીજી સમારંભના દેવેન્દ્ર (અતિથિ વિશેષ) બન્યા. જ્યોત સે જ્યોત જલેની પેઠે પ્રાર્થના ખંડમાં ઉપસ્થિત સૌ દિવડા પ્રદીપ્ત થયા. ઈતની શક્તિ હમે દે ના દાતા પ્રાર્થનાના મધુર રવથી સભાખંડ ચેતનવંતો બની ગયો; આત્મશક્તિ પ્રેરક અને કંઈ અંશે નિર્મોહી, જીતેન્દ્રીય સૂચક બની ગયો; સર્વત્ર સુધા વ્યાપી ને દ્રશ્ય નયનરમ્ય બની ગયું. સાહિત્ય જગતના તારલાઓ જે ઈન્ટરનેટની દેનથી મોબાઈલમાં ઝળહળતા હતાં તેઓ આંખો સામે હૂબહૂ ચમક્યા.

સાહિત્ય ઉપાસકોના પરિચય બાદ સર્જકોએ પોતાની રચનાનું પઠન કર્યું. પોતાની કૃતિઓ દ્વારા નિર્જીવ વસ્તુઓમાં પણ પ્રાણનો સંચાર કરનાર સર્જકોની સાહિત્ય પ્રિતિ જોઈ મનમાં આનંદ છવાયો. એવી પ્રતીતિ થઈ કે, ગુજરાતી ભાષાની ગરિમા ભવિષ્યમાં પણ પ્રજ્વલિત રહેશે. ત્યારબાદ એકાંકી અભિનય તથા મધુર ગીત સંગીતનું ઘેલું લગાડતા સરગમી સૂરોએ દરેકને ગમગીની, એકલતામાંથી મુક્તિ અપાવી દીધી. ગદ્ય, પદ્ય, એકાંકી, કરોકે ગીત સંગીતમાં ભાગ લેનાર સ્પર્ધકોને આયોજક દ્વારા પ્રથમ, દ્વિતિય અને તૃતિય ઈનામ એનાયત કરવામાં આવ્યા.

કાર્યક્રમ અંતર્ગત સમયસર શિરામણ, બ્રહ્મભોજન, વાળું-પાણી, ચા તથા કૉફીની લિજ્જત ઉપસ્થિત સૌ કોઈએ માણી. સ્નેહમિલનના ઉત્સવમાં હાજર રહેનાર દરેક સ્નેહીજનની રાવલ પરિવારે અંતરના ઉમણકાના સાથે સરભરા કરી.

સંચાલકશ્રી દ્વારા નિર્ણાયક ગણ, સભાગૃહ શોભાવતા મહાનુભાવો, મંચ ઉપર બિરાજમાન શ્રેષ્ઠીશ્રીઓ, મંચને ધબકતું રાખનાર વક્તા વિશેષ તથા સ્નેહમિલનના આયોજનને સાથ સહકાર આપનાર સહભાગી ગ્રુપ સાહિત્ય જગતનું વિશ્વના સંચાલક ગણ શ્રી કૌશિકભાઇ, શ્રી રાજુલબહેન તથા મોડરેટરશ્રી ભરતભાઈનો દિલથી આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

ધાર્યું જાનકીનાથે થાય તેમ નિખિલ પ્રસંગ નયન સમક્ષ દ્રષ્ટિવંત રહ્યો. અદ્રશ્ય થયા સ્વજનો પણ તેઓની હસમુખ છબી ર્દ્ઘ સાહિત્ય સરિતા ગ્રુપ દ્વિતિય સ્નેહમિલન ૨૦૨૪નો પ્યારો જયઘોષ પોકારતી રહી. સૂર્યવંશી રાજા દિલીપની જેમ શ્રી પ્રદિપભાઈ તથા શ્રી મિનાક્ષીબહેનના સત્કર્મની ખ્યાતિ તેજસ્વી સૂર્યરશ્મિ સમ મુદ્રણ તથા ડિજિટલ માધ્યમે પ્રસરી રહી છે તેવા આનંદની અનુભૂતિ સહ. અસ્તુ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO . 162**
વિષય - **NOG** સાહિત્ય સરિતા
ગ્રુપ .’’દ્દ્વિતીય સ્નેહ મિલન
૨૦૨૪ “
શીષક - આનંદનો ઉત્સવ
પ્રકાર - ગધ
શબ્દ - ૯૦
નામ - રેખા નાકરાણી
નવી મુંબઈ

———————————-

રચનાપપ
**NOG** સાહિત્ય સરિતા નુ આયોજન હતુ દ્દ્વિતય સ્નેહ મિલન માં ખુશાલીભર્યાઁ સૌના હૈયા આનંદ થી છલકાઈ રહ્યા હતા.
કોઈ કારણ સર મારે મુંબઈ થી આવી શકાયુ નહી તેનો મને હજુ ખુબ અફસોસ રહ્યો .
અમદાવાદના
આભાર - નિહારીકા રવિયા આંગણે સાહિત્ય સરિતાના સ્નેહ મિલન હોય દુર દુર થી કવિરાજ અને કવિત્રીઓનુ આગમન એક પરિવારનું સ્નેહ મિલન હોય તેવો
સૌવ નો ભાવ જળહળી રહ્યો હતો .
વીડીયો ફોટા જોઈને ખુબજ સારાહનીય સુંદર આયોજન ની ગોઠવણ નિહાળી.
હદયના ભાવથી સૌ પે?મ અને સ્નેહ ભર્યા એકમેક થી કાયઁક્મ નો લાભ લઈ રહ્યા હતા.
મીઠાં આવકારથી સૌ આનંદિત થતા હતા.
પ્રદીપભાઈ અને બેન મિનાક્ષીબેન નુ સીવટ અને જીણવટ ભરયુ કામકાજ સંભાળતા હોય ત્યાં કંઈ ખૂટે નહીપપ
??. રેખા નાકરાણી
નવી મુંબઈ .??

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG* *SS* *No.* *0185.***
★વિષય:-★ ★"ર્દ્ઘ સાહિત્ય સરિતા ગૃપ★ ★દ્વિતીય સ્નેહ મિલન ૨૦૨૪"★
★શીર્ષક:-★ ★સ્નેહે મિલન★
★પ્રકાર:-★ ★ગદ્ય★ ★શબ્દ સંખ્યા:-★ ★૪૭૦★
★લેખકનું નામ:-★ ★દિલીપ સી. સોની.★

“મિલન તણું સપનું હતું જ,ભળ્યો તેમાં સર્વનો સ્નેહ,
સરસ્વતી માંના શબ્દોએ, કરાવી આનંદની રેલમછેલ.’’

સાચા મનથી પ્રભુ ઉપરની શ્રદ્ધાને સાથે રાખી જ્યારે સકારાત્મક સંકલ્પ લેવામાં આવે તો એ સંકલ્પને પૂરો કરવા માટે પ્રભુ આપણામાં ઉર્જાનો સ્ત્રોત વહેતો કરી સંકલ્પને પૂરેપૂરો સફળતાનો સંગ કરાવે છે.

“ ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા પરિવાર’’ અને શ્રી કૌશિકભાઈ અને રાજુલબેન કૌશિકભાઈ દ્વારા મારી લેખનની ઉર્જાને પ્રોત્સાહન આપી વ્યક્ત કરવા માટેનું સ્ટેજ આપ્યું તે બદલ તેમનો જિંદગીભર ઋણી રહીશ.

તા.૨૮/૦૧/૨૪ના રોજ ‘‘દ્વિતીય સ્નેહ સંમેલન’’નું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રુપના સભ્યો સાથે પ્રત્યક્ષરૂપે મળીને અનહદ આનંદની પ્રાપ્તિ થઈ. માનનીય સંચાલક શ્રી પ્રદીપભાઈ રાવલ અને મીનાક્ષીબેન રાવલના જાણે કે અંગત પ્રસંગમાં આવ્યા હોઈએ તેવા પ્રેમમય વાતાવરણની અનુભૂતિ થઈ. બધા જ સાથે પ્રેમથી બહુ જ સાદાઈપૂર્વક એમનું મળવું અને પ્રેમાળ આવકાર આપવો એ હેતાળ સ્વભાવ મને બહુ જ સ્પર્શો.
.
મારા જીવનના પ્રથમ અનુભવ માટે હું ઉત્સાહિત હતો.જેમાં સૌએ હર્ષોલ્લાસભેર ભાગ લીધો હતો.
હું પહેલીવાર કવિ સંમેલનમાં ગયો અને ગદ્ય પઠનમાં ભાગ લીધો.મારી પહેલી સ્વરચિત લખેલી રચનાનું મેં મારી લાગણીસભર પઠન કર્યું.ગદ્યની મારી રચના રજૂ કરતા મને દ્વિતીય એવોર્ડ પ્રાપ્ત થયો અને સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યું. જેની મને બહુ જ ગૌરવની અનુભૂતિ થાય છે. મંચસ્થ મહાનુભાવોએ અને સભા મંડપમાં બેઠેલ સદસ્યોએ મારી રચનાને તાળીઓથી વધાવી લીધી હતી.

સવારથી જ સભામંડપમાં કૌટુંબિક વાતાવરણ સર્જાયું હતું. એકબીજાને રૂબરૂ ઓળખવાની ઉત્કંઠા હતી. એકબીજા સાથે પ્રત્યક્ષ ઓળખાણની યાદગીરી ના નિમિત્તે ફોટા પડાવવાનો અનેરો આનંદ છવાઈ ગયો હતો. આનંદ સહિત લાગણીઓના મેળા વચ્ચે ચર્ચાઓ જામી હતી. સોશિયલ મીડિયામાં એકબીજાને અદ્રશ્યરૂપે ઓળખતા આજે દ્રશ્યમાન થઈ આનંદિત થતા હતા. કાર્યક્રમ પણ એની રૂપરેખા મુજબ આગળ વધતો ગયો.

આમંત્રિતોનું શાલથી, પુષ્પગુચ્છથી માનભેર સ્વાગત કરવામાં આવ્યું. વિજેતાઓને એવોર્ડથી સન્માન, આશ્વાસન ઇનામ, લકી ડ્રોની ભેટ, નિર્ણાયકશ્રીને મોમેન્ટો અને ગ્રુપના બધા જ સભ્યોને પ્રમાણપત્ર. બધું જ સર્વાંગ સુંદર.

ગદ્ય રચના,પદ્ય રચના,એકાંકી નાટક અને કરાઓકે ગીત, એવા અલગ અલગ સાહિત્યસભર કાર્યક્રમોનું સંચાલન પણ સરળ અને સહજ રીતે ચાલતું રહ્યું. સાહિત્યના વાતાવરણ વચ્ચે બપોરનું બ્રહ્મભોજન બધાએ સાથે લીધું. સવારથી સાંજ સુધીમાં સાહિત્યનો માહોલ છવાયેલો રહ્યો.

પોતપોતાના ક્ષેત્રમાં નામાંકીત કવિગણ, કવિયત્રીઓ અને સાહિત્ય સંગીતનું વિશ્વ ગ્રુપના મોડરેટર શ્રી ભરતભાઈ સાંગાણીને મળીને ખૂબ ખૂબ આનંદ અનુભવ્યો. મંચસ્થ વિભૂતિઓમાં મુખ્ય મહેમાન વિખ્યાત સાહિત્યકાર, લેખક ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વ અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા સાહેબ અને મુખ્યત્વે શૈક્ષણિક સંસ્થાઓના કવિશ્રી કૃષ્ણભાઈ દવે સાહેબ, ડો.સતીન દેસાઈ સાહેબ(ઉર્દૂ સાહિત્યકાર)ની હાજરીથી કાર્યક્રમ સફળતાની સીમાઓને આંબી ગયો. શ્રેષ્ઠીઓના અલંકારીત સુંદર ભાષણો તથા અનોખા કાવ્યો સાંભળવા મળ્યા. મંચસ્થ શ્રેષ્ઠીઓને પહેલીવાર રૂબરૂ મળવાનું ભાગ્ય પ્રાપ્ત થયું. શ્રેષ્ઠીઓ સાથેના ફોટા એ મારા જીવનનું યાદગાર સંભારણું બની રહેશે.

કાર્યક્રમની સુંદર વ્યવસ્થા આંખે ઉડીને વળગે તેવી હતી. સવાર-સાંજનું જમણ, ચા-નાસ્તો બધું જ સમયસર ગોઠવાયેલું હતું.’’ ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા પરિવાર’’ નો ઉત્તરોત્તર વિકાસ વધતો જાય એવી શુભેચ્છાઓ પાઠવું છું.
સમગ્ર દિવસ દરમિયાન સરસ્વતી માતાના આશિર્વાદથી શબ્દ-સરીતાના દર્શન કરી હું ધન્ય થયો, જેને હું મારું અહોભાગ્ય માનું છું. આવતા સમયમાં સાહિત્યની સેવા કરવાની શકિત મળે એવી પ્રાર્થના કરું છું. પ્રણામ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No/0044**
વિષયઃ-**NOG** સાહિત્ય સરિતા. ગૃપ દ્વિતીય સ્નેહ મિલન ૨૦૨૪
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- રૂડો અવસર.
શબ્દોઃ-૪૮૯

બુલેટ ટ્રેન તો આવશે ત્યારે આવશે પરંતુ આજે અંધજન પટાંગણમાં એન.ઓ.જી. સ્નેહ મિલન ટ્રેનમાં બેસીને આવેલાં સૌ મિત્રો આનંદમાં તરબોળ.
પ્રથમ સ્નેહમિલનમાં મળેલાં મિત્રોને ફરી મળવાનો તો નવાં મિત્રોને પહેલી વાર મળવાનો આનંદ સૌના વદને દ્રશ્યમાન, ત્યાં જ ગરમાગરમ દાળવડા ,બટેટા પૌવાની ખુશ્બુ એ વાતને વિરામ આપી એ તરફ પ્રયાણ કર્યુ ત્યારબાદ પ્રાર્થનાખંડમાં શરૂ થયો કાર્યક્રમ ,અદભુત શિસ્ત અને શાંતિ સહિત.
કવિ શ્રી કૃષ્ણ દવે ,શ્રી સનત દેસાઈ અને એડમીન ટીમ દ્વારા દીપ પ્રાગટ્ય અને શ્રી નિખિલ કિનારી વાલાની ગણેશ સ્તુતિ ત્યારબાદ શ્રી મીનાક્ષીબેન રાવલ અને વિભૂતિ દેસાઈ ની પ્રાર્થનાથી શરૂ થયેલ કાર્યક્રમ ખરેખર અવર્ણનીય.
પોતાના પરિચય આપ્યો આ સ્નેહમિલનમાં કંઈક નવું લાવ્યાં, એ હતું ગદ્ય,પદ્ય પઠન, કરાઓકે ગીત અને એકપાત્રિય અભિનય સ્પર્ધા.
ખાસ આનંદની વાત કે આ સંમેલનમાં યુવાવર પણ સામેલ અને સ્પર્ધામાં પણ ભાગ લીધો અને નિર્ણાયક તરીકે પણ સેવા આપી.
ગદ્ય પઠનમાં પ્રથમ ગીતા સંગારા દ્વિતીય દિલીપભાઈ સોની તૃતીય ભરતભાઈ સંઘાણી.
પદ્ય પઠનમાં પ્રથમ શ્રીદેવેન્દ્ર જોશી દ્વિતીય શ્રી દિલીપ ધોળકિયા તૃતીય શ્રી યોગેશ પંડ્યા.
એક પાત્રીય અભિનયમાં પ્રથમ મુક્તિદા ઓઝા, દ્વિતીય વિભૂતિ દેસાઈ ઘાસવાલા, તૃતીય જયકાંતભાઈ ઘેલાણી.
કરાવો કે માં પ્રથમ શ્રી પ્રદીપ રાવલ દ્વિતીય નિખિલ કિનારીવાલા તૃતીય ત્ય મીનાક્ષી રાવલ, આશ્વાસન ઈનામ પૂજા રાવલ અને લીના પટેલ.
પલ્લવી જોશી ,મનીષા વ્યાસ, વિભૂતિ દેસાઈ ઘાસવાલા, જયકાંતભાઈ ઘેલાણી ,ભરતભાઈ સાંગાણી ,નયના સોલંકી,
મુક્તિદા ઓઝાએ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી.
શ્રી પ્રદીપભાઈઅને મિનાક્ષીબેનનાં દીકરી જમાઈ પૂજા-દર્શન, તેમજ દીકરા ઓમે શરૂથી અંત સુધી સહકાર આપ્યો.ઓમે એેન્દ્રી ચેનલ લાઈવ કરી જે મિત્રો હાજર ન રહી શક્યા એમને ઘેર બેઠાં કાર્યક્રમ બતાવ્યો સમસ્ત કાર્યક્રમ નું સંચાલન જાનકી સોનીએ ખુબ સરસ કર્યું.
આપણા શ્રી કૌશિકભાઈ અને રાજુલ બેન ને કેમ ભુલાય! અમેરિકા બેઠા બેઠા પણ જીવ અહીં સ્નેહ મિલનમાં .એમનો પ્રેમ ભર્યો સંદેશો શ્રી ભરતભાઈ સંઘાણીએ વાંચી સંભળાવ્યો અને એ સાંભળતાં જ સૌ આનંદ વિભોર થયાં પ્યારે સાહેબ તરફથી લકી ડ્રો રાખવામાં આવ્યો હતો જેમાં ચાર નસીબદાર ઈનામ મેળવી શક્યા .ઉતરાયણ નિમિત્તે ગ્રુપમાં યોજવામાં આવેલી સ્પર્ધામાં ડોક્ટર મનીષા વ્યાસને શ્રેષ્ઠ કૃતિ માટે શિલ્ડ અર્પણ કર્યું
બ્રહ્મ ભોજનનો સ્વાદ માણ્યા પછી વામકુક્ષીને તિલાંજલિ આપી સૌ કોઈ ફરી
આભાર - નિહારીકા રવિયા કાર્યક્રમમાં જોડાયા.
આટલું વાંચ્યા પછી સૌને ઈન્તેજારી હશે કે સૌથી અગત્યનું મુખ્ય મહેમાન, અતિથિ વિશેષ, પધારેલા મહાનુભાવોનો તો ઉલ્લેખ જ નથી ! આ સૌ માનવંતા મહેમાનોને ભુલાય? પૂરાં માનસન્માનથી નવાજ્યા એવાં મુખ્ય મહેમાન વિખ્યાત સાહિત્યકાર લેખક પદમશ્રી વિષ્ણુ પંડ્યા જાણીતાં કવિ શ્રી કૃષ્ણ દવે, ઉર્દુ સાહિત્યકાર ડોક્ટર સતિન દવે, પ્રબોધ ફાઉન્ડેશનના અધ્યક્ષ દક્ષાબેન ભટ્ટ ,અતિથિ વિશેષ ડોક્ટર દક્ષા જોશી કે જેમને લગભગ ૩૭ પુસ્તકો પ્રગટ કર્યા છે એવાં મહાનુભાવોની હાજરી એ જ એન.ઓ.જી ગ્રુપની સફળતા.
સૌ મહેમાનોને તેમજ એડમીન સભ્યોને ,વિજેતાઓને અને કાર્યક્રમ સંચાલિકા જાનકી સોનીને શિલ્ડ આપવામાં આવ્યા હતાં.
સંચાલક શ્રી અને એમનાં પરિવારે ભોજન દરમિયાન પણ સૌની સંભાળ રાખી. ગત્ વર્ષની જેમ આ વર્ષે પણ મારા માટે ભોજન ની થાળી મારા સ્થાન પર જ આપવામાં આવી જમાઈ રાજા દર્શનકુમાર જાતે લઈ આવ્યા અને દીકરા ઓમને મારી તહેનતામાં હાજર રાખ્યો.ખુબ જ સ્વાદિષ્ટ ભોજન માણી સૌ મિત્રો રાજી થયાં સુંદર અવસર દરેકને એક મેકને મદદ કરવાની ભાવના,કોઈ રિસામણાં મનામણાં નહીં. અંતે પાંવભાજી, પુલાવ, છાસનું વાળું કરી સૌ ફરી જલ્દી સ્નેહ મિલન થાય એવી ભાવનાથી છૂટાં પડ્યાં.
શ્ર વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No. : 0141***
★વિષય : "સાહિત્ય સરિતા ગ્રુપ દ્વિતીય સ્નેહ મિલન - ૨૦૨૪"★
★શીર્ષક : "આનંદ લેવો આપણે હાથ"★
★પ્રકાર : સ્મરણ - લેખ★ ★શબ્દ સંખ્યા : ૫૦૦★
★નામ : રસિકભાઈ વ પરમાર "રવ"★

રસિકભાઈ, તમારી ફી આવી નથી.
પ્રદીપભાઈ મોબાઈલ પર બોલી રહ્યા.
મેં કહ્યું "હા" નથી મોકલી.
મને મોબાઈલમાં પેટીએમ, ગૂગલ પે, ભીમ પે, ફોન પે કે કોઈપણ પે; પદ્ધતિ આવડતી નથી તેથી મોકલી નથી પણ ગમે તે પ્રયત્ન દ્વારા આપને ફી મળી જશે.
મેં જવાબ આપ્યો.
પ્રદીપભાઈએ કહ્યું કે સારું. તમારું નામ નોંધી લીધું છે. સમયસર આવી જશો.

વાત હતી તા. ૨૮/૦૧/૨૪ ના રોજ અમદાવાદ ખાતે અંધજન મંડળ સ્થળે યોજાનાર સ્નેહ મિલનમાં સામેલ થવા અંગેની. "ન્યૂઝ ઓફ ગાંધીનગર" દૈનિક માં મારા જેવા નવોદિત રચનાકારોની રચનાઓ જેવી કે વાર્તા, કાવ્ય, હાઈકુ, લેખ, નિબંધ, સ્મરણો અને દૈનિક ટૂંકા વાક્યો અવાર નવાર પ્રકાશિત થાય છે અને તેના દ્વારા હું અને મારા જેવા બીજા સાહિત્ય રસિક, વિશાળ વાચકગણ સુધી પહોંચી શકીએ છીએ. એમાં નીવડેલા અને ખ્યાતિ પ્રાપ્ત લેખક, કવિ ગણ પણ સામેલ છે.

સદર સંમેલન બીજું વાર્ષિક સ્નેહ મિલન હતું. હું એના માટે ખુબ ઉત્સુક હતો. અહીં અનેક સાહિત્યકારોને રૂબરૂ મળી શકાય, દિવસભર રજૂ થનારા જુદા જુદા વિષય પરના કાર્યક્રમ માણી શકાય. ગદ્ય / પદ્ય રચના - પઠન, એકાંકી, એક પાત્રિય અભિનય, પુસ્તક વિમોચન વગેરે જેવા સરસ સરસ કાર્યક્રમ માણી શકાય. ચા, નાસ્તા તથા બપોર અને સાંજના ભોજનની પણ વ્યવસ્થા હતી તેથી એના માટે ક્યાંય બહાર જવાનું નહોતું તે સગવડ પણ ખરી.

હું રહું નાગપુર અને ત્યાંથી અમદાવાદ ખુબ દૂર પડે પણ મારે આવવાની અદમ્ય ઈચ્છા હતી બીજા પણ એકબે કામ કરવાના હતા. ગુજરાત અને ભારતભરના, ઘણા લોકો ત્યાં, મારી જેમ દૂર દૂરથી આવવાના હતા. કોઈક તો છેક વિદેશથી આવવાના હતા. મને થોડા પ્રયત્ન કરવાથી તત્કાળ આરક્ષણમાં ટિકિટ મળી ગઈ હતી. રાત્રિના બે વાગ્યે અમદાવાદ પહોંચી ગયો સવારે વહેલા નવ વાગે અંધજન મંડળ પહોંચવાનું હતું. મારે સદર કાર્યક્રમ સિવાય તે જ દિવસે ગાંધીનગર ખાતે અન્ય કાર્યક્રમ, ગઝલ પાઠશાળા, કવિ સંમેલનમાં પણ હાજરી આપવાની હતી. બંને સમારંભ મારા માટે પ્રથમ અનુભવના હતા.

મુસાફરીના થાકથી સવારે મોડો ઉઠ્યો. પ્રથમ હું ગાંધીનગરના કવિ સંમેલન માં ગયો, ગઝલ અંગેની કાર્યશિબિરમાં ભાગ લીધો. ઘણું શીખવા મળ્યું. કવિ સંમેલન માં મારે એક કવિતાનું પઠન કરવાનું હતું તે પઠન કરી સત્વર અમદાવાદ આવવા નીકળી ગયો.
અહીં અંધજન મંડળ સ્થળે પહોંચવા આયોજીત સમય પ્રમાણે નીકળી શકાયું નહિ. ત્યાંથી નીકળી ગયો તો હાઈવે પર ખુબ ટ્રાફિક હોવાથી સ્નેહમિલનમાં મોડો પહોંચ્યો. હું ગયો ત્યારે કરાઓંકે નો કાર્યક્રમ પૂર્ણતાના આરે પહોંચી ગયો હતો. મને પણ "ઓ દૂર કે મુસાફિર,,,,, હમકો ભી સાથ લે લે રે,,,,, હમ રહ ગયે અકેલે....!" ગાવાનું મન થઇ ગયું પણ મેં અગાઉથી નામ નહોતું નોંધાવ્યું તેથી તથા સમયના અભાવે ગીત ગાવાની મારી ઈચ્છા પૂરી થઈ નહિ.
ત્યાર બાદ તો આમંત્રિત મહેમાનોનું સન્માન, પ્રસંગોચિત બે બોલ, પરિચય, પુરસ્કાર વિતરણ, અભિવંદના અને આભાર દર્શન વગેરે બાબતો આટોપાઈ રહી. કાર્યક્રમનું આયોજન ખુબ સરસ હતું. ચા, ભોજન, બેઠક અને પ્રસારણની વ્યવસ્થા સુંદર હતી. ભાગ લેનાર તમામ સૌ ખુબ ખુશ હતા. હવે પછી આગળના વર્ષમાં ફરીથી મળીશું - એવા સધિયારા સાથે સાંજનું ભોજન લઈ બાકીના હાજર અમો સૌ આનંદ ઉમળકા ભેર છુટ્ટા પડ્યા.
મારો રૂબરૂ ફી આપવાનો વાયદો પૂરા થવા સાથે, નવા નવા સાહિત્ય રસિકોના પરિચયમાં આવવાથી હું હર્ષિત હતો.

# કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય નેતાશ્રી રાહુલ ગાંધીના નેતૃત્વમાં મણીપુરથી મુંબઈ સુધીની ૬૭૦૦ કિ.મી. ભારત જોડો ન્યાય યાત્રા



કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય નેતાશ્રી રાહુલ ગાંધીના નેતૃત્વમાં મણીપુર થી મુંબઈ સુધીની ૬૭૦૦ કિ.મી. ભારત જોડો ન્યાય યાત્રા અંતર્ગત કોંગ્રેસ પક્ષ દ્વારા "ડોનેટ ફોર ન્યાય" અભિયાન લઈને અખિલ ભારતીય કોંગ્રેસ પક્ષના સહ ખજાનચીશ્રી વિજય ઈન્દ્ર સીંગલાજીએ પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં ભાજપા જે એજન્ડા સાથે નિતિ અખત્યાર કરી રહી છે જેનાથી દેશને મુશ્કેલ પરિસ્થિતિમાં મુકી દીધો છે. દેશમાં તમામ નાગરિકોને ન્યાય મળે ખાસ કરીને યુવાનો, મહિલા, ખેડૂતો, શ્રમિકોને ન્યાય મળે તે માટે મણિપુર થી મુંબઈ સુધીની ૬૭૦૦ કિ.મી. ની ભારત જોડો ન્યાય યાત્રા વિવિધ રાજ્યોમાંથી પસાર થઈ રહી છે ત્યારે, ૬૭૦૦ કિ.મી. ની ભારત જોડો ન્યાય યાત્રા અંતર્ગત કાર્યકરો, પદાદિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને કોંગ્રેસ પક્ષના શુભેચ્છકો દેશના નાગરિકો આ ન્યાય માટે પોતાનું આર્થિક યોગદાન અન્વયે ફક્ત બે કલાકમાં ગુજરાતમાં ૧૦ લાખ રૂપિયા કરતા વધુનું યોગદાન આપી શકે છે, કાર્યકરો-પદાધિકારીઓ આપ્યું છે. જે અભિનંદન પાત્ર છે.

ભારત જોડો યાત્રા ની અભૂતપૂર્વ સફળતા બાદ આદરણીય રાહુલ ગાંધી ના નેતૃત્વ માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા 'ભારત જોડો ન્યાય યાત્રા' ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ મણિપુર થી મુંબઈ ૬૭૦૦ કિલોમીટર લાંબી યાત્રા ૧૧૦ જિલ્લા, ૧૫ રાજ્યો માંથી પસાર થઈ રહી છે. ભારત જોડો ન્યાય યાત્રા મુંબઈ માં ૨૦ માર્ચ ના રોજ પૂર્ણ થશે. અસમાનતા, સામાજિક ધ્રુવીકરણ ને રોકવા અને સર્વસમાવેશી રાજનીતિ માટે 'ભારત જોડો ન્યાય યાત્રા' ની શરૂઆત કરવામાં આવી છે. ભારત ના લોકો ને આર્થિક, સામાજિક અને રાજનૈતિક ન્યાય મળી રહે તે માટે 'ભારત જોડો ન્યાય યાત્રા ' યોજાઈ રહી છે.

કોંગ્રેસ પક્ષ ના રાષ્ટ્રીય નેતા શ્રી રાહુલ ગાંધી દ્વારા વિશ્વ રેકોર્ડ સમાન વિશ્વ ના કોઈ પણ રાષ્ટ્રીય નેતા એ ના કરી હોય તેમ સૌથી લાંબી કન્યાકુમારી થી કાશ્મીર સુધી ૪૫૦૦ કિલોમીટર ની સફળ ભારત જોડો યાત્રા યોજવા માં આવી હતી. સમગ્ર દેશ માં નફરત ના વાતાવરણ ને દુર કરી પ્રેમ અને ભાઈચારા નો સંદેશો લઈ શ્રી રાહુલ ગાંધી એ યાત્રા નું નેતૃત્વ કર્યું હતું. ભારત જોડો યાત્રા દેશમાં જાત પાત ધર્મ ભાષા થી ફેલાતી નફરત ને દુર કરી પ્રેમ નો સંદેશો લઈ ને નીકળ્યા હતા. ભારત જોડો યાત્રા કન્યાકુમારી થી કાશ્મીર ના સમાપન પછી પણ ભારત જોડો યાત્રા ના સંકલ્પ ને આગળ વધારતા દેશ ના અલગ અલગ વર્ગ ના લોકો જોડે તેમની પીડા અને સંઘર્ષ માં સહભાગી થવા નો પ્રયત્ન કર્યો હતો. ટ્રક ડ્રાઈવર, કુલી, મજદુરો, ગેરેજ માં મિકેનિક જેવા વર્ગ જોડે સંવાદ કર્યો હતો.કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય નેતાશ્રી રાહુલ ગાંધીના નેતૃત્વમાં મણીપુર થી મુંબઈ સુધીને ૬૭૦૦ કિ.મી. ભારત જોડો ન્યાય યાત્રા અંતર્ગત કોંગ્રેસ પક્ષ દ્વારા "ડોનેટ ફોર ન્યાય" અભિયાન અંગે અખિલ ભારતીય કોંગ્રેસ પક્ષના સહખજાનચીશ્રી વિજય ઈન્દ્ર સિંગલાજીની વિશેષ ઉપસ્થિતમાં રાજીવ ગાંધી ભવન ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત પક્ષના આગેવાનો, પદાધિકારીઓ, કાર્યકરોને સમગ્ર અભિયાન અંગે વિસ્તૃત માર્ગદર્શન બેઠક યોજાઈ હતી. જેમાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષશ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલભાઈ શાહ, અમદાવાદ મ્યુનિ. કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શેહઝાદખાન પઠાણ, એ.આઈ.સી.સી.ના સહમંત્રીશ્રી નીલેશભાઈ પટેલ, યુવક કોંગ્રેસના પ્રદેશ પ્રમુખશ્રી હરપાલસિંહ ચુડાસમા, પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખશ્રી જેનીબેન ઠુંમર, પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી રાજુભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી બળદેવભાઈ લુણી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહીને ડોનેટ ફોર ન્યાય અભિયાનને અસરકારક બનાવવા માટે સૂચનો કર્યા હતા.

# રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત નૈસર્ગિક ટ્રસ્ટ, પાલનપુર દ્વારા માર્ગ સલામતી જાગૃતતા કાર્યક્રમ યોજાયો



ભારત સરકાર દ્વારા લોકોમાં માર્ગ સલામતી વિષે જાણકારી આવે તેમજ લોકો માર્ગ અકસ્માતથી બચે તે હેતુથી રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ તારીખ ૧૫ જાન્યુઆરી થી ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી ઉજવવાનું નક્કી કરેલ છે. જે અંતર્ગત શાળાના બાળકોમાં પાયાના સ્તરેથી જ માર્ગ સલામતી વિશે જાણકારી મળે અને ટ્રાફિકના નિયમોનું પાલન કરતા થાય તેવા ઉમદા હેતુથી નૈસર્ગિક ટ્રસ્ટ , પાલનપુર દ્વારા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા વેકરી, તાલુકો દાંતા ખાતે માર્ગ સલામતી તાલીમ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

જેમાં માર્ગ ઉપર પહોંચ્યા પહેલા કેવી રીતે અકસ્માત અટકાવી શકાય તે હેતુથી સ્ટોપ એક્સીડન્ટ બીફોર ટ્રાવેલોંગ ઓન રોડ, માર્ગ સલામતી અંગે બાળકોને તાલીમ આપવામાં આવી હતી.જેમાં શાળાના બાળકોને રોડ સાઈન, હેલ્મેટ, સીટબેલ્ટનું મહત્વ, રોંગ સાઈડ ડ્રાઈવિંગ, ઓવર સ્પીડીગ, ઓવરલોડિંગ, વાહન ચલાવતા સમયે શું શું કાળજી રાખવી ? રોડ ક્રોસ કરતા સમયે શું શુ કાળજી રાખવી? વાહન ચલાવતા સમયે કયા કયા ડોક્યુમેન્ટ પાસે રાખવા જરૂરી છે વગેરે વિષયો પર પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનથી તથા સાપસીડીની રમત દ્વારા તાલીમ આપવામાં આવી હતી. જેમાં તાલીમકાર તરીકે સંસ્થાના પ્રોગ્રામ કોર્ડીનેટર અરવિંદભાઈ કાપડી, ભરતભાઈ રાઠોડ અને માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા વેક્રીના આચાર્ય , તમામ સ્ટાફ અને શાળાના બાળકોએ હાજર રહી બાળકોમાં ટ્રાફિક પ્રત્યે જાણકારી વધે તે માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે હાજર તમામ બાળકોને ચોપડા વિતરણ કરવામાં આવ્યું હતું.

# ૨૧ વર્ષ બાદ રાજકોટ ને આંગણે પધારી રહ્યા છે તપસ્વી રાજયોગી બ્રહ્માકુમાર નિકુંજ જી

માઉન્ટ આબુ સ્થિત વિશ્વવિખ્યાત આધ્યાત્મિક સંસ્થા બ્રહ્માકુમારીઝ ના મીડીયા અને જન સંપર્ક સેવા ના રાષ્ટ્રીય સંયોજક તેમજ અંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત લેખક કે જેમના નામે દેશ અને વિદેશનાં અનેક સમાચાર પત્રો માં આજ સુધી ૮૦૦૦ થી પણ વધુ લેખ પ્રકાશિત થયેલ છે, એવા તેજસ્વી,ઓજસ્વી અને બાળ બ્રહ્મચારી "રાજયોગી બ્રહ્મા કુમાર નિકુંજ જી" ૨૧ વર્ષ બાદ રાજકોટ ને આંગણે પધારી રહ્યા છે. તારીખ ૦૨ થી ૦૫ ફેબ્રુવારી ૨૦૨૪ દરમિયાન શહેરમાં અનેક ઠેકાણે અનેક સમાજ સેવી સંસ્થાએ દ્વારા તેમના વિવિધ કાર્યક્રમો ગોઠવાયા છે જેનો લાભ નાગરિકો એ જરૂર થી લેવો જોઈએ. તેમના પ્રશંસકો માં નિકુંજ જી તરીકે જાણીતા એવા આ બાળ બ્રહ્મચારી તેમના ક્રાંતિકારી વિચારોને માટે વિશેષ યુવાનો માં ખુબ પ્રખ્યાત છે, તેમજ કુટુંબ ની અંદર નાના-મોટાઓ વચ્ચે કઈ રીતે સમન્વય જાળવીને રહેવું તેના ઉપર એમણે ઘણા પ્રેરણાદાયક લેખ લખ્યા છે તેમજ પ્રવચનો પણ કર્યા છે. પોતે એક મીડિયા કર્મી હોવાને કારણે અને છેલ્લા અઢી દાયકાથી મીડિયા ના ક્ષેત્ર સાથે સંકળાયેલા હોવાને કારણે તેઓ પોતાના હ્રદયમાં વિશ્વભર ના મીડિયા કર્મીઓ માટે ખુબજ પ્રેમ અને આદર ધરાવે છે .

# તમને વિશ્વાસ હશે કે લોકો માટે કામ કરવું છે તો ભારતીય જનતા પાર્ટી એ લોકો માટે કામ કરવાનુ મજબૂત માધ્યમ છે : શ્રી સી.આર.પાટીલ

**વર્ષોથી ભારતીય જનતા પાર્ટી પોતાના મેનિફેસ્ટોમાં હંમેશા કહેતી કે "રામ મંદિર વહી બનાયેંગે" અને કોંગ્રેસ કહેતી કે "તારીખ નહીં બતાયેંગે" પરંતુ આજે ૨૨ જાન્યુઆરીના રોજ ભગવાનશ્રી રામલલ્લા પોતાના સ્થાન પર બિરાજમાન છેઃ- શ્રી સી.આર.પાટીલ**

**આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે બતાવી આપ્યું છે કે, આ દુનિયામાં કોઈનું ભવિષ્ય છે તો એ ભારતનું ભવિષ્ય છેઃ- શ્રી સી.આર.પાટીલ**

**આદરણીય મોદી સાહેબ ત્રીજી વખત પ્રધાનમંત્રી બનવા જઈ રહ્યા છે ત્યારે આપણે પણ ગુજરાતમાં હેટ્રીક કરવી છે. આ વખતે બધી જ સીટો ૫ લાખની વધુ લીડથી જીતીએ અને દેશ તેમજ ગુજરાતને મજબૂત કરીએ અને આ વિસ્તારને પણ મજબૂત કરીએઃ- શ્રી સી.આર.પાટીલ**

**આવનારી પેઢીને મજબૂત કરવા માટે દેશને મજબૂત કરવો પડે ગુજરાતને મજબૂત કરવું પડે અને આ કાર્ય જો કોઈ કરી શકે તો એ આદરણીય મોદી સાહેબ કરી શકેઃ- શ્રી સી.આર.પાટીલ**




ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ જુનાગઢ જીલ્લા ખાતે આમ આદમી પાર્ટીના પૂર્વ ધારાસભ્યશ્રી ભૂપતભાઈ ભાયાણી, અને તેમના સમર્થકો, પૂર્વ ધારાસભ્યો, પૂર્વ જીલ્લા/તાલુકા પંચાયતના સદસ્યો માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રીશ્રી વિનોદભાઈ ચાવડાએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. આ પ્રસંગે શ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતાં જણાવ્યુ કે, આપનું સમર્થન જોઈને લાગે છે કે અહિયાં જોડાયેલા પ્રતિનિધિઓની જે તાકાત છે તે આજે ભારતીય જનતા પાર્ટીમાં ઉમેરાવાની છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ જે રીતે દેશને આગળ લઈ જઈ રહ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ગુજરાતની પ્રગતિ કર્યા બાદ દેશની પ્રગતિ માટે એક પછી એક સોપાન સર કરી રહ્યા છે. કોઈ એક પાર્ટી પોતાના મેનિફેસ્ટોમાં આપેલા વચનોને પૂરા કરવાની ક્યારેય ચિંતા નથી કરતાં પરંતુ ભારતીય જનતા પાર્ટીની સ્થાપનાથી જેટલા મેનિફેસ્ટો આવ્યા જેટલા વચનો આપ્યા તે તમામ વચનો પૂરા કરીને મોદી સાહેબે એક વિશ્વાસ ઊભો કર્યો છે. મુશ્કેલ કાર્યો આદરણીય મોદી સાહેબે સૌને સાથે રાખીને પૂર્ણ કર્યા છે. સદનમાં તેમને ધમકીઓ આપવા વાળા પણ હતા કે "૩૭૦ કો હાથ લગાઓ ગે તો જલ જાઓગે" પરંતુ ડંકાની ચોટ પર ૩૭૦ ની કલમ હટી ગઈ અને લોહીની કહેતા હતા કે લોહીની નદીઓ વહેશે એક કાંકરી પણ ના ઊડી આ તાકાત દેશને આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે આપી છે. શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યુ કે, આપણે રામમંદિરની કલ્પના કરતાં હતા. વર્ષોથી ભારતીય જનતા પાર્ટી પોતાના મેનિફેસ્ટોમાં હંમેશા કહેતી કે "રામ મંદિર વહી બનાયેંગે" અને કોંગ્રેસ કહેતી કે "તારીખ નહીં બતાયેંગે" પરંતુ આજે ૨૨ જાન્યુઆરીના રોજ ભગવાનશ્રી રામલલ્લા પોતાના સ્થાન પર બિરાજમાન છે. આજે દેશના પ્રજાજનો દર્શન માટે ઉત્સુક છે અને દેશવાસીઓ માટે ટ્રેનો દોડાવાઈ રહી છે. આખો દેશ આજે રામમય બન્યો. આપ સૌ જ્યારે ભાજપમાં જોડાયા છો ત્યારે આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબની ગેરંટી પર વિશ્વાસ રાખીને આવ્યા છો. આપને વિશ્વાસ હશે કે લોકો માટે કામ કરવુ છે તો ભારતીય જનતા પાર્ટી એ લોકો માટે કામ કરવાનુ મજબૂત માધ્યમ છે. ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા કોઈપણ અપેક્ષાઓ વગર પાર્ટીનું કામ કરતો હોય છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે બતાવી આપ્યું છે કે, આ દુનિયામાં કોઈનું ભવિષ્ય છે તો એ ભારતનું ભવિષ્ય છે. લોકો ભાગલા પાડીને રાજ કરતાં હતા આજે મોદી સાહેબે યુવાનોને તક આપી, લોકસભા અને વિશાનસભામાં મહિલાઓને ૩૩ ટકા આરક્ષણ આપાવ્યું અને ત્રીજો સંકલ્પ ખેડૂતો માટે કર્યો અને મોદી સાહેબે ૬ હજાર રૂપિયા કોઈપણ વચેટિયા વગર તેમના ખાતામાં જમા થાય તેવી વ્યવસ્થા કરી છે.

શ્રી સી.આર.પાટીલજીએ વધુમાં જણાવ્યુ કે, આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ સંકલ્પબદ્ધ છે અને આપણી પણ જવાબદારી છે કે આપણે સૌ સાથે મળીને મોદી સાહેબના હાથ મજબૂત કરીએ. આપણે આવનારી પેઢીને મજબૂત કરવા માટે દેશને મજબૂત કરવો પડે ગુજરાતને મજબૂત કરવું પડે અને આ કાર્ય જો કોઈ કરી શકે તો એ આદરણીય મોદી સાહેબ કરી શકે. આપણે ગુજરાતમાં પહેલા પણ ૨૬ માંથી ૨૬ લોકસભા સીટો જીત્યા છીએ આ વખતે હેટ્રીક કરવા જઈ રહ્યા છીએ, આદરણીય મોદી સાહેબ ત્રીજી વખત પ્રધાનમંત્રી બનવા જઈ રહ્યા છે ત્યારે આપણે પણ ગુજરાતમાં હેટ્રીક કરવી છે. આ વખતેબધી જ સીટો ૦૫ લાખની વધુ લીડથી જીતીએ અને દેશ તેમજ ગુજરાતને મજબૂત કરીએ અને આ વિસ્તારને પણ મજબૂત કરીએ. ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા નિશ્વાર્થ ભાવે કામ કરવા માટે ટેવાયેલો છે. જે લોકો આજે જોડાયા છે તેમને વિનંતી કે જેમ દૂધમાં સાકળ ભલે તેમ ભળી જજો.

આ પ્રસંગે પ્રદેશ મહામંત્રીશ્રી વિનોદભાઈ ચાવડા, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ભરતભાઈ બોઘરા, સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્યશ્રીઓ શ્રી કૌશિકભાઈ વેકરીયા, શ્રી દેવાભાઈ માલમ, શ્રી ભગવાનજીભાઈ કરગઠિયા, શ્રી સંજયભાઈ કોરડીયા, જુનાગઢ જીલ્લા પ્રમુખશ્રી કિરીટભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી હરીશભાઈ ઠૂમ્મર, શહેર પ્રમુખશ્રી પુનિતભાઈ શર્મા, જીલ્લા પ્રમુખશ્રી હિરેનભાઈ સોલંકી, ચેરમેનશ્રી દિનેશભાઈ ખટારીયા, શ્રી ડૉ.જયભાઈ ત્રિવેદી, શ્રી મુક્તાનંદ બાપુ, શ્રી કરશનદાસ બાપુ, શ્રી વિજયદાસબાપુ, શ્રી અમૃતગિરી બાપુ સહિત પ્રદેશના પદાધિકારીશ્રીઓ, જીલ્લા/ મહાનગરના હોદેદારો સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચાણસ્મા ના ધીણોજ ગામેથી ૨, ૫૩, ૦૦૦ નો વિદેશી દારૂ એલસીબીએ ઝડપી લીધો



ચાણસ્મા તાલુકાના ધીણોજ ગામેથી પાટણ એલસીબી પોલીસના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન મળેલ બાતમીના આધારે અચાનક છાપો મારતા બુટલેગરના રહેણાંક મકાનમાંથી તેમજ ગાડીમાંથી વિદેશી દારૂ મળી આવ્યો હતો જે અંગે ચાણસ્મા પોલીસ મથકે બુટલેગર સહિત અન્ય બે લોકો સામે ગુનો નોંધાવા પામ્યો હતો

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ચાણસ્મા તાલુકાના ધીણોજ ગામે આવેલ બેરાવાસ નાગજી શેરીમાં રહેતા નિકુલ ઉર્ફે વરુ દશરથભાઈ ચૌધરી પોતાના ભોગવટાના ઘરમાંથી તેમજ ગાડીની ડેકી માંથી વિદેશી દારૂની બોટલો તેમજ બિયરના ટીન નંગ ૧૪૧૫ કિ.રૂ ૨,૫૩,૬૯૨ નો વિદેશી દારૂ તેમજ બીયર ઝડપી પાડી બુટલેગર નિકુલ ઉર્ફ ભાઈ ચૌધરી ને પાટણ એલસીબી પોલીસ દ્વારા ઝડપી લીધો હતો તેમજ અન્ય બે ઈસમો રાજુજી ઉર્ફે ગદુડો લક્ષ્મણજી ઠાકોર તથા એક અજાણ્યા ઈસમ સામે ગુનો નોંધી વધુ તપાસ પોલીસે હાથ ધરી હતી

નિખિલ જોષી : પાટણ જિલ્લા બ્યુરોચીફ

# ૨૧ મો વાર્ષિક ટ્રાન્સમીડીયા ગુજરાતી સ્ક્રીન અને સ્ટેજ એવોર્ડ ૨૦૨૩ આગામી ૨૪ ફેબ્રુઆરી ના રોજ મુંબઈ ખાતે દબદબાભેર યોજાશે.



મુંબઈ

છેલ્લા ૨૦ વર્ષથી મુંબઈ ની ધરતી પર દબદબાભેર યોજાતા વિશ્રૃવ ના સૌથી મોટા અને સૌથી સીનીયર ટ્રાન્સમીડીયા એવોર્ડ ની ટીમ દ્વારા ★૨૧ મા વાર્ષિક ટ્રાન્સમીડીયા ગુજરાતી સ્ક્રીન અને સ્ટેજ એવોર્ડ ૨૦૨૩★ ના ગુજરાતી ફિલ્મો તથા મુંબઈ અને ગુજરાત ના નાટકો ના નોમીનેશન આજે જાહેર કરવામાં આવ્યા..તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૩ થી તારીખ ૩૧ ડીસેમ્બર વચ્ચે સિનેમા અને ઓટીટી પર રીલીઝ થયેલી ગુજરાતી ફિલ્મો તથા ગુજરાત અને મુંબઈ ના નાટકોની એન્ટ્રી મંગાવવામાં આવેલી..

આ વર્ષે કુલ ૪૨ જેટલી સીનેમાઘરો માં રીલીઝ થયેલી તથા ૨ ઓટીટી પ્લેટફોર્મ રીલીઝ થયેલી ગુજરાતી ફિલ્મો ની અધીકૃત એન્ટ્રી મળેલી..એ જ રીતે મુંબઈ અને ગુજરાત માં વર્ષ દરમ્યાન રીલિઝ થયેલા મોટાભાગના નાટકોની પણ એન્ટ્રી મળેલી..તટસ્થ જ્યુરી દ્વારા કુલ ૪૨ ફિલ્મો તથા બે ઓટીટી ની ફિલ્મો નું ચોક્કસાઇ પુર્વક સ્ક્રીનીગ કરી આજે વિધીવત રીતે નોમીનેશન જાહેર કરવામાં આવ્યા..

કુલ ૪૨ ફિલ્મો માંથી, ૨૦ ₹ ૨ એમ કુલ ૨૨ ફિલ્મો ને અલગ અલગ સંખ્યામાં નોમીનેશન મળ્યા છે..સૌથી વધુ ૧૪ જેટલા નોમીનેશન મેળવીને સૌલસુત્ર પ્રોડક્શન ની ફિલ્મ 'કચ્છ એક્સપ્રેસ' સૌથી આગળ રહી છે..

જ્યારે ૯ - ૯ નોમીનેશન સાથે 'હું ઈકબાલ', 'શુભ યાત્રા' અને 'હું અને તું' બીજા નંબર પર રહી છે..

આ ઉપરાંત ૮ નોમીનેશન સાથે 'લકીરો' ૬ - ૬ નોમીનેશન સાથે 'કર્મ', 'મીરા' તથા 'બચુભાઈ'

૫ નોમીનેશન સાથે 'ચલ મન જીતવા ૨'

૪ - ૪ નોમીનેશન સાથે 'હરી ઓમ હરી' તથા 'હેલ્લો'

૩ - ૩ નોમીનેશન સાથે 'આગંતુક' અને 'સરપંચ'

૨ - ૨ નોમીનેશન સાથે 'વેલકમ પુર્ણિમા' અને 'કોગ્રેચ્યુલેશન્સ'

અને ૧ - ૧ નોમીનેશન સાથે 'જય શ્રી ક્રિષ', 'ચાર ફેરા નું ચકડોળ', 'વર પધરાવો સાવધાન', 'પોપટ' અને 'કહી દે ને પ્રેમ છે' સ્પર્ધા માં છે..

ટ્રાન્સમીડીયા ની પ્રણાલી મુજબ આ વર્ષે ગુજરાતી ફિલ્મ, ટેલિવિઝન ના ખુબ સીનીયર કલાકાર ★આદરણીય શ્રી અનંગ દેસાઈ★ તથા 'સાસભી કભી? બહુ થી' થી પ્રખ્યાત થયેલા બા, ★આદરણીય લીલી પટેલ★ ને આ વર્ષે લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ થી નવાજવાનુ નક્કી કરવામાં આવ્યું છે..

પ્રતિ વર્ષ અપાતો સ્વ. ગોવિંદભાઈ પટેલ મહારથી એવોર્ડ આ વર્ષે બોલીવુડ ના જાણીતા કલાકાર ★શ્રી શર્મન જોષી★ ને આપવાનું નક્કી કરવામાં આવ્યું છે..

સંગીત બેલડી સ્વ.મહેશ - સ્વ. નરેશ ના નામથી અપાતો મહેશ - નરેશ એવોર્ડ આ વર્ષે યુવા સંગીતકારો ★સંજીવ - દર્શન★ ને આપવાનું નક્કી કરવામાં આવ્યું છે..

૨૦૨૩ માં રીલીઝ થયેલી બોલીવુડ ના જાણીતા દિગ્દર્શક રાજકુમાર સંતોષી દિગ્દર્શીત હીન્દી ફિલ્મ ગાંધી - ગોડસે માં ગાંધીજી નું પાત્ર આબેહૂબ ભજવનાર ટ્રાન્સમીડીયા પરીવાર ના જ સદસ્ય એવા ★દિપક અંતાણી★ ને ટ્રાન્સમીડીયા વિશેષ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવશે..આગામી ૨૪ ફેબ્રુઆરી એ મુંબઈ ખાતે ખાસ આમંત્રિતો ની ઉપસ્થિતિ માં યોજાનાર આ ભવ્ય સમારંભ માટે ટ્રાન્સમીડીયા ના સી.એમ.ડી. શ્રી જસ્મીન શાહ ના નેતૃત્વ હેઠળ રાજુ સાવલા, અભિલાષ ઘોડા, દિપક અંતાણી , વિજય રાવલ ફરી એકવાર આ ઈવેન્ટ ને સફળ બનાવવા સંપૂર્ણ કટીબદ્ધ છે તેમ ટ્રાન્સમીડીયા ની એક યાદી માં જણાવવામાં આવ્યું છે..આ સાથે , મુંબઈ નાટક, ગુજરાત નાટક તથા ગુજરાતી ફિલ્મો ના નોમીનેશન ની વિગતો સામેલ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.